અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહાવદ એકમ | અંક : ૨૦૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### ડેવિડ વોર્નરના સ્નાયુ ખેંચાતા કીવી સામેની ટી૨૦માંથી બહાર




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દિલ્હી કેપિટલ્સને આઈપીએલ ૨૦૨૪શરુ થતા પહેલા મોટો ઝટકો લાગ્યો છે. દિલ્હી કેપિટલ્સનો વિસ્ફોટક ઓપનર ડેવિડ વોર્નર સ્નાયુમાં ખેંચાણના કારણે ન્યુઝીલેન્ડ સામે રમાઈ રહેલી ટી૨૦આઈસીરિઝની અંતિમ મેચમાંથી બહાર થઇ ગયો છે. રિષભ પંતના અકસ્માતમાં ઘાયલ થયા બાદ વોર્નરે ગયા વર્ષે દિલ્હી કેપિટલ્સનું નેતૃત્વ કર્યું હતું. હવે આ સમાચારથી દિલ્હીનું ટેન્શન વધી ગયું છે. પરંતુ આવતા મહિને શરૂ થનારી આઈપીએલ ૨૦૨૪ સુધીમાં તે ફિટ થઈ જાય તેવી શક્યતા છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “વોર્નરને ફિટ થવામાં થોડો સમય લાગશે પરંતુ તેનાથી આઈસીસીમેન્સ ટી૨૦ વર્લ્ડકપ પહેલા ઈન્ડિયન પ્રીમિયર લીગમાં તેની ઉપલબ્ધતાને અસર થશે નહીં.” જો કે ડેવિડ વોર્નરને સંપૂર્ણ ફિટનેસ પાછી મેળવવા માટે ૭થી ૧૦ દિવસનો સમય લાગશે.

### વાપટેગ ગાંધીનગરમાં ૨૯ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધી વોટર એક્સપોનું આયોજન કરશે




। (એજન્સી)અમદાવાદ, તા. ૨૪ ।

અમદાવાદ—વોટર પ્યુરિફિકેશન અને ટ્રીટમેન્ટ ઉદ્યોગના સૌથી મોટા વિશ્વસનીય અને સૌથી મોટા એસોસિયેશન વોટર પ્યુરિફિકેશન એન્ડ ટ્રીટમેન્ટ એસોસિયેશન ઓફ ગુજરાત (વાપટેગ) ૨૯ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધી ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે દક્ષિણ એશિયાના સૌથી મોટા વોટર એક્સપો વેપ ટેગ વોટર એક્સપો ૨૦૨૪ની આઠમી એડિશનનું આયોજન કરશે. આઠમી એડિશન એવા વાપટેગ વોટર એક્સપો ૨૦૨૪માં વોટર અને વેસ્ટવોટર મેનેજમેન્ટ સેક્ટરમાં લેટેસ્ટ ટેક્નોલોજી દર્શાવતી ભારત તથા આંતરરાષ્ટ્રીય સ્તરની અગ્રણી કંપનીઓ ભાગ લેશે. એક્સપો સમગ્ર ઉદ્યોગના લોકોને એકસાથે લાવશે અને બિઝનેસ ડેવલપમેન્ટ, નેટવર્ક શેર કરવા તથા નવીનતમ વોટર સોલ્યુશન્સ શોધવા માટેની અનોખી તક પૂરી પાડશે.

### આઈપીસી, સીઆરપીસી અને એવિડેન્સ એક્ટને બદલવા માટે લવાયા હતા

# દેશમાં પહેલી જુલાઈથી ત્રણ ફોજદારી કાયદા લાગુ થશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દેશના ત્રણ નવા ફોજદારી કાયદા જે આઈપીસી, સીઆરપીસીઅને એવિડેન્સ એક્ટને બદલવા માટે લવાયા હતા, તે પહેલી જુલાઈ ૨૦૨૪થી લાગુ થશે. પહેલી જુલાઈ ૨૦૨૪થી નવા કાયદા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય ન્યાય સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ લાગૂ થશે. ગૃહ મંત્રાલયે આ અંગે આદેશ જાહેર કરી દીધા છે. આઈપીસીની જગ્યાએ બીએનએસહશે. અંગ્રેજોના સમયમાં બનેલા ત્રણ કાયદા હવે ખતમ થઈ ગયા છે. સંસદના શિયાળુ સત્રમાં હાલમાં પસાર થયેલા ત્રણ સંશોધન કરાયેલા ક્રિમિનલ લૉ બિલને સોમવાર (૨૫ ડિસેમ્બર)એ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ મંજૂરી આપી દીધી હતી. ત્યાર બાદ ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય સંહિતાબિલ હવે કાયદો બની ગયા હતા. ત્યારે હવે આ કાયદા આગામી પહેલી જુલાઈ ૨૦૨૪થી દેશમાં લાગુ થઈ જશે. હવે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હવે ભારતીય ન્યાય (દ્વિતીય) સંહિતા, દંડ પ્રક્રિયા સંહિતા (સીઆરપીસી) હવે ભારતીય નાગરિક સુરક્ષા (દ્વિતીય) સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ હવે ભારતીય સાક્ષ્ય (દ્વિતીય) સંહિતા ગણાશે.

### પહેલી જુલાઈ ૨૦૨૪થી નવા કાયદા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા



કયું કૃત્ય ગુનો છે અને તેના માટે શું સજા થશે? આ આઈપીસીહેઠળ નક્કી થાય છે. હવે તેને ભારતીય ન્યાય સંહિતા કહેવામાં આવશે. આઈપીસીમાં ૫૧૧ કલમો હતી, જ્યારે બીએનએસમાં ૩૫૮ કલમો હશે. ૨૧ નવા ગુના જોડાયા છે. ૪૧ ગુનાઓમાં જેલની મુદ્દત લંબાવાઈ છે. ૮૨ ગુનાઓમાં દંડ વધારાયો છે. ૨૫ ગુનાઓમાં જરૂરી ન્યૂનતમ સજા શરૂ કરાઈ છે. ૬ ગુનાઓમાં સામાજિક સેવાનો દંડ રહેશે. તો ૧૯ કલમોને ખતમ કરી દેવાઈ છે. ધરપકડ, તપાસ અને કેસ ચલાવવાની પ્રક્રિયા સીઆરપીસીમાં લખાયેલી છે. સીઆરપીસીમાં ૪૮૪ કલમો હતી. હવે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતામાં ૫૩૧ કલમો હશે. ૧૭૭ કલમોને બદલી દેવામાં આવી છે. ૯ નવી કલમો જોડવામાં આવી છે અને ૧૪ને ખતમ કરી દેવાઈ છે.: કેસના તથ્યોને કેવી રીતે સાબિત કરવામાં આવશે, નિવેદનો કેવી રીતે દાખલ થશે, એ તમામ ઈન્ડિયન એવિડન્સ એક્ટમાં છે. જેમાં પહેલા ૧૬૭ કલમો હતી. ભારતીય સાક્ષ્ય સંહિતામાં ૧૭૦ કલમો હશે. ૨૪ કલમોમાં ફેરફાર કરાયા છે. બે નવી કલમો જોડવામાં આવી છે, જ્યારે ૬ કલમોને હટાવી દેવાઈ છે. આઈપીસીમાં કલમ ૧૨૪એહતી, જેમાં રાજદ્રોહના ગુનામાં ત્રણ વર્ષથી લઈને આજીવન કેદની સજાની જોગવાઈ હતી. બીએનએસ(ભારતીય ન્યાય સંહિતા)માં રાજદ્રોહની જગ્યાએ ‘દેશદ્રોહ’ લખવામાં આવ્યું છે.

## ઈરાને પાકિસ્તાનની સરહદમાં ઘુસીને કરી સર્જિકલ સ્ટ્રાઈક

। (એજન્સી) તહેરાન, તા.૨૪ ।

ઈરાને ફરી એકવાર પાકિસ્તાનમાં ઘુસીને હુમલો કર્યો છે. તેમની સેનાએ જૈશ-અલ-અદલના ઠેકાણાઓ પર હુમલો કરીને આતંકી સંગઠનના કમાન્ડર ઈસ્માઈલ શાહબક્ષ અને તેના કેટલાક અન્ય સહયોગીઓને મારી નાખ્યા છે. ઈરાનના સરકારી મીડિયાને ટાંકીને આ માહિતી બહાર આવી છે. અહેવાલ છે કે ઈરાનની સેનાએ શુક્રવારે સાંજે સીસ્તાન-બલુચિસ્તાનના સરહદી પ્રાંતની નજીક પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદી શાહબક્ષને ઠાર માર્યો હતો. તાજેતરમાં બંને દેશોએ એકબીજા પર હવાઈ હુમલા કર્યા હતા. મીડિયા રિપોર્ટના અહેવાલ મુજબ, જૈશ અલ-અદલની રચના વર્ષ ૨૦૧૨માં થઈ હતી. ઈરાને તેને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આ એક સુન્ની આતંકવાદી જૂથ છે. આ સંગઠન ઈરાનના દક્ષિણ-પૂર્વ પ્રાંત સિસ્તાન-બલુચિસ્તાનથી સંચાલિત છે. છેલ્લા કેટલાક વર્ષોમાં જૈશ અલ-અદલે ઈરાની સેનાના જવાનોને નિશાન બનાવ્યા છે અને તેમના પર હુમલા કર્યા છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં જૈશ અલ-અદલે સિસ્તાન-બલુચિસ્તાનમાં એક પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો હતો અને તેની જવાબદારી લીધી હતી. આ હુમલામાં ઓછામાં ઓછા ૧૧ પોલીસકર્મીઓ માર્યા ગયા હતા. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે ગયા મહિને એકબીજાના વિસ્તારોમાં આતંકવાદી ટાર્ગેટ પર હવાઈ હુમલા બાદ પાકિસ્તાન અને ઈરાન સુરક્ષામાં સહયોગ કરવા માટે સહમત થયા હતા.

## કર્ણાટકમાં કાર ચાલકે નિયંત્રણ ગુમાવતા ટુવ્હીલરને ટક્કર મારતાં છનાં મોત

। (એજન્સી) બેંગલુરૂ, તા.૨૪ ।

કર્ણાટકના બેલગાવીથી લગભગ ૯૦ કિલોમીટર દૂર દત્ત જાંબોટી રોડ પર એક ભીષણ અકસ્માત સર્જાયાની માહિતી મળી રહી છે. જેમાં ૬ લોકોના મૃત્યુ થઈ ગયા હતા. પોલીસે શનિવારે જણાવ્યું કે આ અકસ્માતમાં ૫ લોકો ઘટનાસ્થળે તો એક સારવાર દરમિયાન મૃત્યુ પામ્યો હતો. જેમાં ૬ લોકોના મૃત્યુ થઈ ગયા હતા. પોલીસે શનિવારે જણાવ્યું કે આ અકસ્માતમાં ૫ લોકો ઘટનાસ્થળે તો એક સારવાર દરમિયાન મૃત્યુ પામ્યો હતો. પોલીસના જણાવ્યાનુસાર અકસ્માત સર્જનારા કારચાલકે નિયંત્રણ ગુમાવી દીધું હતું અને ઊભેલા ટુ વ્હિલરને ફંગોળી નાખ્યું હતું. તેની નજીકમાં જ બે લોકો ઊભા હતા જે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા જેમાંથી એકનું મોત નીપજ્યું. જેની ઓળખ હનમંત મલપ્પા માલ્યાગોલ તરીકે થઈ હતી. માહિતી અનુસાર મૃતકોની ઓળખ એકનાથ ભીમપ્પ પદતારી (૨૨), મલ્લિકાઅર્જુન રામપ્પા મરાઠે (૧૬), આકાશ રામપ્પા મરાઠે (૧૪), લક્ષ્મી રામપ્પા મરાઠે (૧૯) અને નાગપા લક્ષ્મણ યાદવન્નાવર (૪૮) તરીકે થઈ હતી. મુર્ગોડ પોલીસે આ મામલે દુર્ઘટનાનો કેસ નોંધ્યો હતો.

### ઉત્તર પ્રદેશમાં પોલીસ ભરતીની પરીક્ષાનું પેપર ફૂટ્યું

## પેપર લિક થતાં યુપી પોલીસ ભરતીની પરીક્ષા રદ, છ મહિનામાં ફરી લેવાશે

। (એજન્સી) લખનઉ, તા.૨૪ ।

ગુજરાતમાં તો અવારનવાર પેપર ફૂટવાની ઘટના બનતી રહે છે અને સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ઉમેદવારોની મહેનત પર પાણી ફરી વળે છે. ત્યારે હવે ઉત્તર પ્રદેશમાં પોલીસ ભરતીની પરીક્ષાનું પેપર ફૂટ્યું હોવાનું સામે આવ્યું છે. જેને લઈને યોગી સરકારે ઉત્તર પ્રદેશ પોલીસ કોન્સ્ટેબલની ભરતી રદ કરી દીધી છે. પેપર લીકના દાવા બાદ લાખો ઉમેદવારોએ પરીક્ષા રદ કરવા માગ કરી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક્સ પોસ્ટ કરીને લખ્યું ‘યુપી પોલીસ કોન્સ્ટેબલ ભરતી પરીક્ષા રદ કરવામાં આવી છે અને આગામી ૦૬ મહિનામાં ફરી પરીક્ષા લેવાના આદેશો આપવામાં આવશે. યુપી પોલીસ દ્વારા કોન્સ્ટેબલની પોસ્ટ પર કુલ ૬૦૨૪૪ જગ્યાઓ ભરવા માટે ૧૭ અને ૧૮મી ફેબ્રુઆરી ૨૦૨૪માં આયોજન કરવામાં આવ્યું હતું. ૪૮ લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ઉમેદવારોનું કહેવું છે, ૧૮મી ફેબ્રુઆરીની સાંજે ૩થી ૫ શિફ્ટમાં લવાયેલી પરીક્ષાનું પેપર લીક થયું હતું, પ્રશ્નપત્રો તમામ ઉમેદવારો અને કોચિંગ શિક્ષકો સુધી પહોંચી ગયા હતા.

## ટ્રેક્ટર ટ્રોલી તળાવના ખાબકતાં સાત બાળક સહિત ૨૦નાં મોત

### મૃતકો માટે ૨-૨ લાખ રૂપિયા વળતરની જાહેરાત જ્યારે ઘાયલો માટે ૫૦ હજારના વળતરની જાહેરાત કરાઈ

। (એજન્સી) કાંસગંજ, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના કાસગંજ જિલ્લામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં દુર્ઘટનામાં ૨૦ લોકો મૃત્યુ પામી ચૂક્યાના અહેવાલ મળ્યાં છે, જેમાં સાત બાળકોનો પણ સમાવેશ થાય છે. આ ઘટનાથી હાહાકાર મચી ગયો હતો. ગામના લોકો અને પોલીસકર્મીઓને ઘટનાની જાણ થતાં જ તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રાહત તથા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન યોગી સરકારે મૃતકોના પરિજનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવાની સાથે ૨-૨ લાખ રૂપિયા વળતરની જાહેરાત કરી હતી. જ્યારે ઘાયલો માટે ૫૦ હજારના વળતરની જાહેરાત કરાઈ હતી. માહિતી અનુસાર એટાના જૈથરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કસા પૂર્વી ગામથી સવારે બે ડઝનથી વધુ લોકો એક ટ્રેક્ટર ટ્રોલીમાં ગંગા સ્નાન માટે નીકળ્યાં હતાં. આ લોકો કાદરગંજ ગંગા ઘાટ ખાતે સ્નાન કરવા જઈ રહ્યા હતા. ટ્રેક્ટરની ટ્રોલીમાં મહિલાઓ સાથે અનેક બાળકો હતા. કાસગંજના પટિયાલી દરિયાવગંજ માર્ગ નજીક ટ્રેક્ટર ચાલકે કાબુ ગુમાવતા બેકાબૂ ટ્રેક્ટર તળાવમાં ગરકાવ થયું હતું. જેના લીધે ટ્રોલીમાં સવાર સાત બાળકો અને આઠ મહિલા શ્રદ્ધાળુઓ મૃત્યુ પામી ગયા. સમગ્ર ક્ષેત્રમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ ઘાયલોને કાઢીને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડ્યા હતા. શ્રદ્ધાળુઓ એટા જિલ્લાના વતની જણાવાઈ રહ્યા છે. સીએમઓ રાજીવ અગ્રવાલે કહ્યું કે ૨૦ મૃતકોમાં સાત બાળકો અને અન્ય ૮ મહિલાઓ સામેલ છે. માહિતી અનુસાર દુર્ઘટનાને કારણે ટ્રેક્ટર ટ્રોલી તળાવમાં પલટી ખાઈ ગઈ હતી. જેના લીધે મોટી સંખ્યામાં લોકો એકબીજા પર દબાઈ ગયા હતા અને ટ્રેક્ટર ટ્રોલી ઉપર આવી જતાં તેઓનો જીવ બચાવવાનો મોકો મળ્યો નહોતો. મૃતકોની સંખ્યા વધી શકે છે. સ્થિતિ અતિ ગંભીર જણાઈ રહી છે. ચારેકોર શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ખડૂતોનું વિવિધ માગણીઓ સાથેનું આંદોલન જારી

## શંભુ બોર્ડર પર ટ્રકે ટ્રેક્ટર ટ્રોલીને ટક્કર મારતાં એક ખેડૂતનું મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

એમએસપી કાયદા સહિતની અનેક માગણીઓને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂત સંગઠનોનું આંદોલન ચાલી રહ્યું છે, ત્યારે આજે સવારે બસંતપુરા ગામ પાસે ફિરોઝપુરથી શંભુ બોર્ડર જઈ રહેલી ટ્રેક્ટર ટ્રોલીને ટ્રકે ટક્કર મારી હતી, જેના કારણે ટ્રેક્ટર ટ્રોલી ખાણમાં પલટી હતી. આ અકસ્માતમાં એક ખેડૂત ગુરજંત સિંહનું મોત થયું હતું જ્યારે અન્ય બે લોકોને ઈજા થઈ હતી. જો કે, ટ્રક ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. ૧૩મી ફેબ્રુઆરીએ ખેડૂતોની ‘દિલ્હી ચલો’ કૂચની જાહેરાત બાદ અત્યાર સુધીમાં છ ખેડૂતોના મોત થયા છે.



# મછુન્દ્રી નદી પર જુડવડલી પીકઅપ વીયર રિચાર્જ યોજનાનું ખાતમુહૂર્ત

| જૂનાગઢ, તા.૨૪ |

ગીર ગઢડા તાલુકાના જુડવડલી ખાતે જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજે મછુન્દ્રી નદી પર જુડવડલી પીકઅપ વીયર રિચાર્જ યોજનાનું ખાતમુહૂર્ત કર્યું હતું.આ અવસર એ મંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સૌની યોજનાના અમલીકરણના કારણે પાણીની સમસ્યાઓ હવે ભૂતકાળ બની છે. પાણીને કારણે ખેતરો હવે હરિયાળા બન્યાં છે અને ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ખેડૂતોનું હિત રાજ્ય સરકારના હૈયે વસેલું છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દ્વારા રાજ્યના ખાતેદાર ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. દરિયા કિનારાના વિસ્તારોમાં ખારાશને આવતી રોકવા તેમજ મીઠા પાણીના સંગ્રહ કરવા માટે ચેકડેમો,પિકઅપ વિયર યોજના સહિતની યોજનાઓથી દરિયાઈ કાંઠાના વિસ્તાર સમૃધ્ધ બને તે માટે વિવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યાં છે. દરિયાઈ વિસ્તારમાં મીઠા પાણીને દરિયામાં વહી જતા અટકાવવા માટે સ્પ્રેડિંગ કેનાલનું કાર્ય પણ પ્રગતિમાં છે. તાજેતરમાં જિલ્લામાં પાંચ પિકઅપ વિયર અને ૩૭ નાના મોટા ચેકડેમો સહિતના કામોને પાણી પુરવઠા વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. તેમજ જિલ્લાની કામોને અગ્રતા આપીને રૂ.૨૦૦ કરોડની રકમના કામો મંજૂર કરીને મીઠા પાણીના સંગ્રહ અને દરિયાઈ પાણી રોકવા માટેનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. સાંસદ રાજેશ ચુડાસમાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજય સરકાર દ્વારા સિંચાઈ વિભાગના અનેક કામો મંજૂર કરીને દરિયાકાંઠાના લોકોના વિકાસ કરવા માટે કટિબદ્ધતાથી કાર્ય કરવામાં આવી રહ્યું છે. તેમણે જિલ્લામાં સિંચાઈ કામોની અગ્રતા આપીને તાત્કાલિક મંજૂરી આપવા બદલ પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

### પોલીસે સાત દિવસે ફરીયાદ નોંધી

# સીનીયર સીટીઝનની એક લાખથી વધુ મત્તાની સોનાની ચેઇન લૂંટાઇ

## પુત્રને મળીને વૃદ્ધ ઘરે આવતા હતા ત્યારે એક્ટીવા બંધ થઇ જતાં લૂંટારુએ કાળીગામ પાસે ટાર્ગેટ બનાવ્યા હતા

| અમદાવાદ , તા.૨૪ |

સીનીયર સીટીઝન નિવૃત્ત વ્યક્તિ પોતાનું એક્ટીવા લઈ દિકરાને મળવા માટે ગત ૧૬મી ફેબ્રુઆરી ગયા હતા રાત્રે ૧૦ વાગ્યે પરત ફરતા તેમનું એક્ટીવા બંધ થઈ ગયું હતું. એક્ટીવા ચાલુ કરતા હતા તે સમયે બાઈક પર આવેલા ચેઈન સ્નેચરો ૧ લાખથી વધુ મત્તાની સોનાની ચેઈન અને પેન્ડલ લૂંટી ભાગી ગયા હતા. આ અંગે આખરે પોલીસે સાત દિવસે ફરીયાદ નોધી તપાસ હાથ ધરી હતી. મૂળ ખેડાના અને હાલ ચાંદખેડા વિસ્તારમાં આવેલી શ્રીશરણ રેસીડેન્સીમાં વિજયભાઈ વાઘેલા (ઉ.૬૧) પત્ની ઉષાબેન અને મોટો દિકરો, તેની પત્ની અને ત્રણ સંતાનો સાથે રહે છે. વિજયભાઈ અને તેમની પત્ની નિવૃત જીવન ગુજારી રહ્યા છે. ગત ૧૬મી ફેબ્રુઆરીના રોજ વિજયભાઈ તેમનું એક્ટીવા લઈને તેમના નાના દિકરાના ઘરે ગયા હતા. દરમિયાનમાં કાળીગામ પાસે વિજયભાઈનું એક્ટીવા બંધ થઈ ગયું હતું. જેથી તેઓ નીચે ઉતરીને એક્ટીવાને ચાલુ કરવા માટે કીક મારી રહ્યા હતા. આ દરમિયાન બાઈક પર બે શખસો નજીક આવ્યા હતા અને અચાનક ગળા પાસે હાથ નાખી તેમને પહેરેલો ૧લાખ સાત હજારની કિંમતનો સોનાનો દોરો અને સોનાનું પેન્ડલ લૂંટીને જતા રહ્યા હતા. સીનીયરસીટીઝન વિજયભાઈ બુમો પાડી તેમની પાછળ દોડ્યા કોઈએ તેમને મદદ ન કરી અને બાઈક પર આવેલા ચેઈન સ્નેચરો ભાગી ગયા હતા. આ અંગે પોલીસ કન્ટ્રોલ રુમમાં ફોન કરી જાણ કરી હતી પરંતુ આરોપીઓની કોઈ ભાળ મળી ન હતી. આ અંગે ચાંદખેડા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફુટેજ મેળવી તપાસ હાથ ધરી છે. શહેરમાં વારંવાર ચેઈન સ્નેચિંગના બનાવો વધી ગયા છે શહેરમાં અનેક જગ્યાએ સીસીટીવી છે.

### વિરોધ કરતા લોકો પર મોટી સંખ્યામાં ટોળાનો પથ્થમારો

# વડોદરા શહેરમાં બે કોમ વચ્ચે જૂથ અથડામણ થઇ, પાદરાના યુવાને ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ કરી હતી

| વડોદરા, તા.૨૩ |



વડોદરા શહેરમાં બે કોમ વચ્ચે જૂથ અથડામણ થવાની ઘટનામાં અંતે પોલીસે ૧૦૦થી ૧૫૦ લોકોના ટોળા સામે ગુનો દાખલ કર્યો છે. ૫ ાદરાના યુવાને ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ કરી હતી. જેના પગલે અરાજકતા ફેલાઈ હતી. જે પછી આ પોસ્ટ કરનારની ધરપ કડ થાય તેવી માગ કરતા લોકો પર પથ્થરમારો થયો હતો.

વડોદરા શહેરમાં બે કોમ વચ્ચે જૂથ અથડામણના કેસમાં ૫ ોલીસે ૧૦૦થી ૧૫૦ લોકોના ટોળા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. આ સાથે જ ૮ જેટલા શકમંદોને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન પણ લાવવામાં આવ્યા છે. પોલીસે ટોળા વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરમાં બે કોમ વચ્ચે જૂથ અથડામણ થવાની ઘટનામાં અંતે પોલીસે ૧૦૦થી ૧૫૦ લોકોના ટોળા સામે ગુનો દાખલ કર્યો છે. ૫ ાદરાના યુવાને ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ કરી હતી. જેના પગલે અરાજકતા ફેલાઈ હતી. જે પછી આ પોસ્ટ કરનારની ધરપકડ થાય તેવી માગ કરતા લોકો પર ૫ થ્થરમારો થયો હતો.ઘટના કઈક એવી છે કે પાદરાના યુવાને ધાર્મિક લાગણી દુભાય તેવી કરી હતી પોસ્ટ કરી હતી. જે પછી પાદરાના સહિદ પટેલ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. તો અભદ્ર ટિપ્પણી કરનાર યુવક પોલીસ સ્ટેશને પહોંચતા તમામ હિન્દુ સંગઠનો એકત્રિત થયા હતા. અભદ્ર ટિપ્પણી કરનાર યુવકની ધરપકડની માગ કરતા લોકો પર ૫ થ્થરમારો થયો હતો. વિરોધ કરતા લોકો પર મોટી સંખ્યામાં ધસી આવેલ ટોળાએ પથ્થમારો કર્યો હતો.

સમગ્ર ઘટનાની જાણ થતા ડીસીપી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

# આસરાણાની સ્કૂલમાં વિદ્યાર્થિની સાથે દુષ્કર્મની ઘટના ઘટી

| અમરેલી, તા.૨૪ |

અમરેલીના આસરાણાની સ્કૂલમાં વિદ્યાર્થિની સાથે દુષ્કર્મની ઘટનાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે. વિદ્યાર્થિનીએ ફરિયાદમાં નોંધાવ્યું છે કે, દુષ્કર્મ બાદ શિક્ષકે ચૂપ રહેવા અને ફરિયાદ બદલ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ખુલાસો કર્યો હતો, અમરેલીના આસરાણાની સ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષક સામે વિદ્યાર્થીએ દુષ્કર્મની ફરિયાદ કરી છે. રાજુલાના ડુંગર પોલીસ સ્ટેશનમાં પીડિતા વિદ્યાર્થીએ મરજી વિરૂદ્ધ જબરદસ્તી શિક્ષકે દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ કરી છે. ફરિયાદમાં પીડિતાએ જણાવ્યું કે, શિક્ષકે ધમકી આપી હતી કે, દુષ્કર્મ વિશે કોઈને જાણ કરશે તો તેને જાનથી મારી નાખશે. આરોપીની ધરપકડ કરવા ડુંગર પોલીસે કવાયત હાથ ધરી છે.

### કાણોદરમાં બે સ્થળે ફૂડ વિભાગના દરોડો

# શ્રીમુલ ડેરી અને નમસ્તે ફૂડ પ્રોડક્ટ્સમાં દરોડો પડાયો

| બનાસકાંઠા, તા.૨૪ |

બનાસકાંઠા જિલ્લામાં શંકાસ્પદ દૂધ બાદ હવે ઘીના શંકાસ્પદ જથ્થાને જપ્ત કરવામાં આવ્યો છે. કાણોદરમાં આવેલ શ્રીમુલ ડેરી અને નમસ્તે ફૂડ પ્રોડક્ટ્સમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે દરોડા દરમિયાન ૮,૨૦૦ કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરાયો છે. બનાસકાંઠા જિલ્લામાં અનાજ અને ખાદ્ય પદાર્થોને લઈ તંત્રએ છેલ્લા કેટલાક દિવસોથી સપાટો બોલાવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાંથી વધુ એકવાર શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. કાણોદરમાં આવેલ શ્રીમુલ ડેરી તથા નમસ્તે ફૂડ પ્રોડક્ટ્સમાં દરોડાની કાર્યવાહી દરમિયાન શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

લગભગ ૫૩ લાખ રુપિયાની કિંમતના ૮,૨૦૦ કિલો ઘીના શંકાસ્પદ જથ્થાને જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં શ્રીમુલ ડેરીમાંથી ૬૩૫૪ કિલોગ્રામ શંકાસ્પદ ઘી ૪૧.૮૬ લાખ રુપિયાની કિંમતનું જપ્ત કરવામાં આવ્યુ હતુ. જ્યરે નમસ્તે ફૂડ પ્રોડક્ટ્સમાં ૫ રવાનગી મેળવ્યા વિનાજ ઘીનું ઉત્પાદન કરવામાં આવતુ હતુ. જ્યાંથી ૧૭૫૪ કિલોગ્રામ ઘીનો શંકાસ્પદ જથ્થો ફૂડ વિભાગે જપ્ત કર્યો હતો. બંને સ્થળોના મળીને ૯ જેટલા સેમ્પલને લઈ વધુ તપાસ માટે લેવાયા હતા. જેમાં શ્રીમુલ ડેરીમાંથી ૬૩૫૪ કિલોગ્રામ શંકાસ્પદ ઘી ૪૧.૮૬ લાખ રુપિયાની કિંમતનું જપ્ત કરવામાં આવ્યુ હતુ. જ્યરે નમસ્તે ફૂડ પ્રોડક્ટ્સમાં પરવાનગી મેળવ્યા વિનાજ ઘીનું ઉત્પાદન કરવામાં આવતુ હતુ. જ્યાંથી ૧૭૫૪ કિલોગ્રામ ઘીનો શંકાસ્પદ જથ્થો ફૂડ વિભાગે જપ્ત કર્યો હતો.

### છાપરિયા ચાર રસ્તા, સહકારી જીન વિસ્તાર અને મોતીપુરામાં ટ્રાફિકની સમસ્યા ખૂબ જ વિકટ બનતી જઈ રહી છે

# હિંમતનગરમાં ટ્રાફિકની સમસ્યા માથાનો દુઃખાવો

| હિંમતનગર, તા.૨૪ |

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં ટ્રાફિકને લઈ ૫ રેશાનીઓ છેલ્લા કેટલાક મહિનાઓથી વધી ચૂકી છે. શહેરમાં મોટા ભાગના રસ્તાઓ પર દિવસ રાત ટ્રાફિકની સમસ્યા વાહન ચાલકો અને સ્થાનિકોને પરેશાન કરી રહી છે. લોકો જાતે જ ટ્રાફિક નિયમન કરતા નજર આવી રહ્યા છે. તો બીજી તરફ હવે લોકોનો રોષ પણ વધવા લાગ્યો છે. હિંમતનગર શહેરમાં ટ્રાફિકને લઈ અનેકવાર રજૂઆતો કરવા છતાં પણ કોઈ જ ઉકેલ આવતો નથી. શહેર ટ્રાફિક માટે અલગથી વ્યવસ્થા ઉભી કરવા છતાં પણ ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ આવી રહ્યો નથી. શહેરના ટાવર ચોક, ગાયત્રી મંદિર રોડ, મહાવીરનગર, છાપરિયા ચાર રસ્તા, સહકારી જીન વિસ્તાર અને મોતીપુરામાં ટ્રાફિકની સમસ્યા ખૂબ જ વિકટ બનતી જઈ રહી છે. છેલ્લા કેટલાક સપ્તાહથી બાયપાસ રોડ પર ટ્રાફિકની સમસ્યા સર્જાયેલી જોવા મળી રહી છે. બાયપાસ રોડનું કાર્ય ચાલતુ હોવાને લઈ સમસ્યા હોવાનું કારણ આગળ ધરવામાં આવે છે. જોકે સૌથી મોટી સમસ્યા રોડ પર કોઈ જ ટ્રાફિક નિયમન નહીં હોવાને લઈ જામ થઈ જઈ રહ્યો છે. જિલ્લા પંચાયત અને નવુ સરકીટ હાઉસ, સાબર સ્ટેડિયમ સહિતની મહત્વના સ્થળ હોવા છતાં ટ્રાફિકની સમસ્યાનો હલ નિકાળવામાં આવી રહ્યો નથી.

# સસ્તામાં રમકડાં વેચવાની જાહેરાત મૂકી લોકોને છેતરતા, સુરતમાં ઓનલાઈન પૈસા પડાવતી ઠગ ટોળકી ઝડપાઈ

| સુરત, તા.૨૪ |



સુરતમાં માત્ર રૂપિયા ૩૮૯માં રમકડાંની લોભામણી જાહેરાત મૂકી પૈસા ખંખેરવાનો મામલો સામે આવ્યો છે . ફેસબુક ઉપર મોંઘા રમકડાં માત્ર ૩૮૯ રૂપિયામાં વેચાણની જાહેરાત મૂકી ઓનલાઈન મની ટ્રાન્સફર મેળવી ડિલિવરી નહિ કરતી ટોળકીને વરાછા પોલીસે દબોચી લીધી હતી. નાની રકમમાં છેતરાઈ જનાર ૫ ોલીસ ફરિયાદ કરવાનું ટાળતા હોવાથી આ ટોળકી પોલીસ કાર્યવાહીથી બચવા માટે નાની-નાની રકમની છેતરપિંડી કરતી હતી. ટોળકીના ફેડરલ બેંકના એકાઉન્ટમાંથી પોલીસને ૧૩.૮૬ લાખનું ટ્રાન્ઝેક્શન મળી આવ્યું હતું. વરાછા મારુતિ ચોકના ઉમિયા કોમ્પ્લેક્સમાં રહેતાં અને એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં ૨૬ વર્ષીય સાગર જોષીએ ફેસબુક ઉપર જાહેરાત જોઈ હતી. માત્ર ૩૮૯ રૂપિયામાં મોંઘી રમકડાંની કાર મળતી હોવાથી આ યુવકે ચોથી જાન્યુઆરીએ તેમાં ઓર્ડર પ્લેસ કરી પેટીએમથી શ્યામ એન્ટર પ્રાઈસ નામની યુ.પી.આઈ. આઈ. ડી.માં ઓનલાઈન પેમેન્ટ કરી દીધું હતું. જોકે આ નાણાં ચૂકવવા છતાં પણઓર્ડર બુક બતાવતો ન હતો. થોડા સમયમાં આ વેબસાઈટ જ બંધ થઈ જતા મામલો શંકાસ્પદ લાગ્યો હતો. યુવકે વરાછા પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતાં પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. ગાબાણીએ આ પ્રકરણને ગંભીરતાથી લઈ તપાસ હાથ ધરતાં મોટું રેકેટ બહાર આવ્યું હતું. નિખિલ હસમુખ સાવલિયા, અવનીક ભરત વઘાસિયા, લક્ષાંત ઉર્ફે ભૂરિયો પંકજ ડાવરા છેતરપિંડીને અંજામ આપ તા હતા. ટોળકીએ લાખો રૂપિયાની છેતરપિંડી કરી છે.

## વિશેષ

### રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મૂર્મુના હસ્તે શ્રેષ્ઠ દિવ્યાંગજનનો એવોર્ડ મેળવનાર મનથી મક્કમ જય ગાંગડિયા

# સેરબ્રલ પાલ્સી જેવા અસાધ્ય રોગથી પીડિત જયના શરીરમાં ૮૦ ટકા જેટલી ડિસેબિલિટી હોવા છતાં ખૂબ સારી પેઇન્ટિંગ્સ કરી સફળતા પ્રાપ્ત કરી

| (માહિતી) રાજકોટ |



ગુજરાતનું ગૌરવ વધારતો ૨૫ વર્ષનો યુવાન જય મહેશભાઈ ગાંગડિયા, શરીરથી દિવ્યાંગ અને મનથી મક્કમ. જય ગાંગડિયાએ દિલ્હી ખાતે ૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ વિશ્વ દિવ્યાંગજન દિવસે યોજાયેલ રાષ્ટ્રીય દિવ્યાંગજન એવોર્ડ સમારંભમાં 'શ્રેષ્ઠ દિવ્યાંગજન'નો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. ગુજરાત રાજ્યમાંથી વર્ષ ૨૦૨૩માં રાષ્ટ્રીય દિવ્યાંગજન એવોર્ડ મેળવનાર એકમાત્ર યુવાન છે. રાષ્ટ્રીય દિવ્યાંગજન એવોર્ડથી સન્માનિત થયેલ જય ગાંગડિયાના જીવન અને તેના સંઘર્ષો આપણા સૌ માટે પ્રેરણા સમાન છે.

જયના પિતા મહેશભાઈ અને તેમના પત્નીએ એક દિવસના બાળકને દત્તક લીધું અને આ બાળકનું નામ 'જય' આપ્યું. ક્યારેય પરાજિત ન થાય એવો જય હંમેશાં સંઘર્ષો સાથે જીવતા શીખ્યો. જયને દત્તક લીધા બાદના ત્રણ દિવસ પછી જ તેને કમળો થઈ ગયો. આ બીમારી દરમિયાન આંચકી આવવાની તકલીફ થતા જયને સેરેબ્રલ પાલ્સી, એટલે કે મગજનો લકવો પડી ગયો. સેરબ્રલ પાલ્સીનો અસાધ્ય રોગ થવાના કારણે જયના શરીરમાં ૮૦ ટકા જેટલી ડિસેબિલિટી આવી ગઈ. સેરેબ્રલ પાલ્સીના કારણે આજે પણ ૨૫ વર્ષના જયને શરીરનું સમતોલન રાખવામાં તકલીફ છે. આ રોગની કોઈ પ્રકારની દવા ઉપલબ્ધ ના હોવાના કારણે તેને આગળ વધતો રોકવા માટે નિયમિત રીતે તેને ફિઝિયો થેરાપીની સારવાર આપવી પડે છે.

જય એક વિશિષ્ટ બાળક હોવાના કારણે તેનો અભ્યાસ સ્પેશિયલ સ્કૂલમાં કરાવવામાં આવ્યો. સ્કૂલમાં પેઈન્ટિંગ વિષયમાં જયને ખૂબ જ રસ હતો. આ કારણોસર, જય લગન અને ધગશથી આ વિષયમાં આગળ વધ્યો. શરૂઆતમાં નાના કેન્વાસ પેઈન્ટિંગથી શરૂ કરી જય આજે મોટા કેન્વાસ પર પેઈન્ટિંગ કરે છે. નેચર અને એબસ્ટ્રેક્ટ થીમ પર પેઈન્ટિંગ કરતો જય ઘટનાઓ, તેની આસપાસનું વાતાવરણ અને ઈમેજિનેશનના આધારે પેઈન્ટિંગ બનાવે છે.

જયના પિતા મહેશભાઈનો સંઘર્ષ પણ જય કરતાં ઓછો નથી. મહેશભાઈ જયના એકમાત્ર સહારાનું કામ કરે છે. પત્નીના મૃત્યુ બાદ મહેશભાઈ એકલા હાથે જયની બધી જવાબદારીઓ નિભાવે છે. મહેશભાઈની મદદથી જ જય પોતાની દૈનિક ક્રિયાઓ પૂરી કરે છે. પેઈન્ટિંગ બનાવતી સમયે જયના હાથમાં બ્રશ પકડાવવું, તેના કેનવાસને પકડી રાખવું પડે તો તે પકડી રાખીને મહેશભાઈ તેને પેઈન્ટિંગ બનાવવામાં મદદ કરે છે. મહેશભાઈ જયનો પેઈન્ટિંગ કરતો લાઈવ વિડિયો ઉતારીને તેની પેઈન્ટિંગ લોકો સુધી ૫ હોંચાડવામાં મદદરૂપ થાય છે.

મહેશભાઈના કહેવા મુજબ દિવ્યાંગ બાળકો વહાલના ખૂબ જ ભૂખ્યા હોય છે અને આ બાળકો ઉપર પ્રેમની ખૂબ જ અસર થતી હોય છે. દિલથી સ્વીકાર અને આવકાર મળવાના કારણે આ બાળકો ખૂબ જ ખીલી ઊઠતા હોય છે, તેવું તેમનું માનવું છે.

જય અત્યાર સુધી ૩૫૦થી પણ વધારે કેનવાસ પેઈન્ટિંગ કરી ચૂક્યો છે. જયના પેઈન્ટિંગના અલગ અલગ જગ્યાએ એક્ઝિબિશન યોજાય છે. અત્યાર સુધીમાં જય દ્વારા બનાવવામાં આવેલી પેઈન્ટિંગના ૩૦ જેટલા એક્ઝિબિશન યોજાઈ ચૂક્યા છે, તેમાં એક સોલો એક્ઝિબિશન પણ આયોજિત થઈ ચૂક્યું છે.

૧૮ જેટલી ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈને જય ઘણા બધા મેડલ અને પ્રમાણપત્રો મેળવી પોતાની કળાથી સામાન્ય માણસો કરતાં પણ વધારે નામના મેળવી રહ્યો છે. જયના એક્ઝિબિશન દરમિયાન થયેલ આવકમાંથી કોરોના સમયે તેના દ્વારા રૂ. ૫૧૦૦ પીએમ કેર ફંડમાં દાન કરવામાં આવ્યા હતા. ડિસેબિલિટી હોવા છતાં પેઈન્ટિંગની અનોખી કળા ધરાવતો જય અથાગ મહેનત અને ધગશથી આગળ વધી રહ્યો છે.

રાષ્ટ્રપતિશ્રીના હસ્તે એવોર્ડ મેળવ્યા બાદ જયની દિલથી એવી ઈચ્છા છે કે ભવિષ્યમાં તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળીને પોતાના હસ્તે બનાવેલું એક પેઈન્ટિંગ ગિફ્ટ કરે. જય અત્યાર સુધીમાં ઘણી બધી હસ્તિઓને મળીને તેમને પોતાની બનાવેલી પેઈન્ટિંગ ગિફ્ટ આપી ચૂક્યો છે, જેમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, ગુજરાતના મુખયમંત્રી શ્રી ભૂપ ેન્દ્ર પટેલ, ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી જેવા અનેક મહાનુભાવો છે.

જય અનેક યાદગાર પેઈન્ટિંગ્સ બનાવી ચૂક્યો છે જેમાંની એક પેઈન્ટિંગ 'મિસ યુ મોમ' છે. આ ૫ ેઈન્ટિંગને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૩મા જન્મદિવસે યોજાયેલી શબ્દ રંગ ચિત્ર સ્પર્ધામાં તેમના જ કાવ્યસંગ્રહ 'આંખ આ ધન્ય છે' અને 'માડી મને કૌવત દેજે' પરથી પ્રેરણા લઈને જય દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ પેઈન્ટિંગને સ્પર્ધામાં શ્રેષ્ઠ પેઈન્ટિંગનો એવોર્ડ પણ મળ્યો હતો. દિવ્યાંગ યુવાન જય પોતાની ડિસેબિલિટીને એબિલિટીમાં પરિવર્તિત કરવામાં સફળ રહ્યો છે. જય આમ જ સફળતાના પ્રયાણો સર કરતો રહે અને સમાજ માટે અને દિવ્યાંગજનો માટે ઉદાહરણરૂપ બનતો રહે તેવી અભ્યર્થના.

## પોતાના હોશ ઠેકાણે નથી અને મારી કાશીના બાળકોને નશેડી કહે છે



। (એજન્સી) વારાણસી, તા.૨૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના સંસદીય ક્ષેત્ર વારાણસીના પ્રવાસે છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદન પર તેમણે કહ્યું કે જે લોકો હોશ ગુમાવી ચૂક્યા છે તેઓ યુપીના મારી કાશીના બાળકોને નશાખોર કહી રહ્યા છે. અરે, તમે આત્યંતિક પરિવારવાદીઓ, યુપીના યુવાનો વિકસિત યુપી બનાવવામાં વ્યસ્ત છે. પીએમએ કહ્યું કે ભારત ગઠબંધન દ્વારા યુપીના યુવાનોનું અપમાન ક્યારેય ભૂલી શકાશે નહીં. તેમની અસ્વસ્થતાનું બીજું કારણ છે; તેમને કાશી અને અયોધ્યાનું નવું સ્વરૂપ બિલકુલ પસંદ નથી. તેથી જ તેઓ દરેક ચૂંટણી વખતે સાથે આવે છે અને જ્યારે પરિણામ શૂન્ય આવે છે, ત્યારે તેઓ એકબીજાને અપશબ્દો બોલીને અલગ થઈ જાય છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે જ્યારથી વિશ્વનાથ ધામનું ઉદ્‌ઘાટન થયું છે ત્યારથી રિક્ષાચાલકો, ફૂલ વેચનારાઓ અને હોડી ચલાવનારાઓની રોજગારી વધી છે. નેપોટિઝમે યુપીને પાછળ રાખ્યું છે અને યુવાનોનું ભવિષ્ય બગાડ્યું છે. કોંગ્રેસના રાજવી પરિવારના યુવરાજનું કહેવું છે કે કાશીના યુવાનો યુપીના યુવા નશાખોર છે. તેઓ હોશ બહાર છે, તેઓ મારી કાશીના યુવાનોને નશાખોર કહી રહ્યા છે. આ તેમની વાસ્તવિકતા છે, તેઓ પરિવારવાદી છે. તેઓ યુવાનોની પ્રતિભાથી ડરે છે. તેમના ગુસ્સાનું કારણ કાશી અને અયોધ્યાનું નવું સ્વરૂપ છે, જે તેમને પસંદ નથી. તેઓ રામ મંદિર પર ઘણી બધી બાબતોથી હુમલો કરે છે, તેઓ દરેક ચૂંટણી પર એક સાથે આવે છે, તેમને ખબર નથી કે ''આ બનારસ છે, અહીં બધા ગુરુઓ છે, તેમની યુક્તિઓ અહીં કામ નથી કરતી.'' પીએમ મોદીએ કહ્યું કે આ વખતે સમગ્ર દેશનો મૂડ મોદીની ગેરંટી માટે છે. યુપીમાં તમામ સીટો એનડીએના નામે રહેશે. મોદીનો ત્રીજો કાર્યકાળ સૌથી તીવ્ર કાર્યકાળ બની રહ્યો છે. વડાપ્રધાને શુક્રવારે સવારે BHU ખાતે કાશી સંસદ સંસ્કૃત સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહમાં ભાગ લીધો હતો. જે બાદ તેઓ સીર ગોવર્ધન ગામ પહોંચ્યા. અહીં તેમણે સંત રવિદાસ મંદિરમાં પૂજા-અર્ચના કરી અને લંગરનો પ્રસાદ લીધો.

## ૨૯ ફેબ્રુઆરી સુધી દિલ્હી ચલો માર્ચ સ્થગિત કરાઈ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ખેડૂતો પોતાની માંગોને પૂરી કરાવવા માટે દિલ્હી તરફ માર્ચ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. જેના કારણે શંભુ બોર્ડર પર ખેડૂતો અને હરિયાણા પોલીસ વચ્ચે મહાસંગ્રામ છેડાયો છે. પરંતુ છેલ્લા બે દિવસથી ખેડૂતોની દિલ્હી ચલો માર્ચ અટવાયેલી છે અને આજે સાંજે સંયુક્ત કિસાન મોર્ચાએ દિલ્હી માર્ચ પર મોટી જાહેરાત કરી હતી. સંયુક્ત કિસાન મોર્ચાએ કહ્યું કે, ૨૯ ફેબ્રુઆરી સુધી દિલ્હી ચલો માર્ચ સ્થગિત કરી દેવામાં આવી છે. કિસાન યુનિયન નેતા સરવન સિંહ પંઢેરે જણાવ્યું કે આંદોલનની આગળની રણનીતિ માટે ૨૯ ફેબ્રુઆરીએ જાહેરાત કરવામાં આવશે. આ સાથે કિસાન નેતાએ યુવા ખેડૂત શુભકરણ સિંહના મોત પર એફઆઈઆર દાખલ કરવાની માંગ કરી છે. નોંધનીય છે કે બુધવારે કિસાન નેતા સ્વર્ણ સિંહ પંઢેરે બે દિવસ માટે દિલ્હી માર્ચને સ્થગિત કરી હતી. સંયુક્ત કિસાન મોર્ચાએ ભલે દિલ્હી ચલો માર્ચ થોડા દિવસ રોકી દીધી છે. પરંતુ આ વચ્ચે ખેડૂતો પોતાનું વિરોધ પ્રદર્શન યથાવત રાખશે. કિસાન નેતા પંઢેરે કહ્યુ કે અમે અમારા યુવા ખેડૂતને ગુમાવ્યો છે. અમે નિર્ણય કર્યો છે કે ૨૪ ફેબ્રુઆરીએ કેન્ડલ માર્ચ કાઢીશું. તો ૨૫ ફેબ્રુઆરીએ શંભુ અને ખિનૌરી બોર્ડર પર અમે સેમિનાર કરીશું અને ડબલ્યૂટીઓનું પુતળા દહન કરીશું. કિસાન નેતા પંઢેરે આગળ કહ્યું કે ૨૭ ફેબ્રુઆરીએ કિસાન યુનિયનો સાથે બેઠક કરીશું અને પછી ૨૯ ફેબ્રુઆરીએ અમે અમારા આગળના નિર્ણયની જાહેરાત કરીશું. હરિયાણા અને પંજાબને જોડતી ખિનૌરી બોર્ડર પર એક કિસાન આંદોલનકારીનું મોત થઈ ગયું હતું. જેના કારણે આજે સંયુક્ત કિસાન મોર્ચાએ બ્લેક ફ્રાઈડે મનાવ્યો હતો. આ દરમિયાન એસકેએમની પોલિટિકલ વિંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અનિલ વિજના પુતળાનું દહન કરી પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

### ઓખા-બેટ દ્વારકાને જોડતા બ્રિજનું વડાપ્રધાન કરશે લોકાર્પણ

# સૌથી લાંબો સ્પાન ધરાવતો આ બ્રિજ ૧૦૦ વર્ષ ટકી શકશે

। (એજન્સી) દ્વારકા, તા.૨૪ ।

આખોને બેટ દ્વારકા સાથે જોડતે કેબલ સ્ટેયડ બ્રિજ બનીને તૈયાર થઈ ગયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૨૫ ફેબ્રુઆરીએ તેનું લોકાર્પણ થવાનું છે. દેશના આ સૌથી લાંબા બ્રિજની ડિઝાઈન ખુદ પ્રધાનમંત્રીએ બનાવી છે. સૌથી લાંબો સ્પાન ધરાવતો આ બ્રિજ ૧૦૦ વર્ષ ટકી શકે તેવો એકમાત્ર બ્રિજ છે. ઉછળતા મોજા, અને ઘૂઘવાટા મારતો દરિયો....દરિયા નજીક આવેલી ખળખળ વહેતી પવિત્ર ગોમતી નદી...અને આ જ ગોમતીના કાંઠે આવેલું ભગવાન દ્વારિકાધિશનું મંદિર...જ્યાં દર વર્ષે લાખોની સંખ્યામાં ભક્તો નતમસ્તક થવા આવે છે. આ જ પવિત્ર અને પૌરાણિક નગરી દ્વારિકાને મળવા જઈ રહી છે સૌથી મોટી ભેટ... દ્વારકાના દરિયામાં જ આવેલા ભગવાન દ્વારિકાધિશ સાથે જોડાયેલા બે મહત્વના ધાર્મિક સ્થળ ઓખા અને બેટ દ્વારકા...આ બન્ને સ્થળે જવા માટે ભક્તો લાખોની



સંખ્યામાં આવે છે. પરંતુ બન્ને વચ્ચે ઘૂઘવાટા મારતા દરિયાને કારણે બોટમાં સવાર થઈને પહેલા જવું પડતું હતું. પરંતુ હવે આ બન્ને સ્થળોને એક બ્રિજથી જોડવાનું કામ પ્રધાનમંત્રીએ કર્યું છે. અને આ જ બ્રિજનું લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૫ ફેબ્રુઆરીએ કરવાના છે. બ્રિજ એટલી ખૂબી અને વિશેષતાઓથી ભરેલો છે કે તમે જાણશો તો ચોંકી જશો. આ એવો બ્રિજ છે જેને બનાવવાનું સપનું ખુદ પ્રધાનમંત્રીએ જોયું હતું... સપનું જોયા બાદ તેને હકિકતમાં બદલવાનું પણ કામ તેમણે જ કર્યું. બ્રિજની ડિઝાઈનથી લઈ નાનામાં નાની વસ્તુઓનું બારીકાઈથી તેમણે નિરીક્ષણ કર્યા બાદ હવે બ્રિજ તૈયાર થઈ ગયો છે ત્યારે તેઓ લોકાર્પણ કરવા જઈ રહ્યા છે. હવે દેશમાં સૌથી લાંબો સ્પાન ધરાવતો ૧૦૦ વર્ષ ટકી શકે તેવો એકમાત્ર આ કેબલ સ્ટેયડ બ્રિજ છે. તેના પિલર પર દરિયાની સપાટીથી ૧૫૦ મીટર ઊંચા છે. આ બ્રિજને પહેલા સિગ્નેચર બાદમાં સુદર્શન સેતું નામ આપવામાં આવ્યું છે. અહીં ચાર લેન વાહનો માટે અને બંને બાજુ પેડેસ્ટ્રિયન માટે ૨.૫ મીટરનો કોરિડોર અને ગોલ્ફકાર્ટ પણ જઈ શકે તેવી રીતે બનાવાયો છે. પેડેસ્ટ્રિયન કોરિડોરમાં જતા દર્શનાર્થીઓને તડકો લાગે નહીં તે માટે ઉપર એક મેગા વોટનો સોલાર પ્લાન્ટ કવર શેડ તરીકે મુકાયો છે, જેથી બ્રિજ માટે લાઈટિંગની જરૂરિયાતની વીજળી તેમાંથી જ મળી રહે અને બાકીની વીજળી સરકારી અન્ય ગ્રીડમાં અપાશે. સૌરાષ્ટ્ર માટે નવું નજરાણું બનવા જઈ રહેલા આ બ્રિજની વિશેષતાઓની વાત કરીએ તો ઓખા-બેટ દ્વારકા સિગ્નેચર બ્રિજ કુલ ૨૩૦૦ મીટર લાંબો છે. જેમાં કેબલ સ્ટેયડ પાર્ટની લંબાઈ ૯૦૦ મીટર છે, ૨૭ મીટર પહોળો છે. સમુદ્રના પાણીની સપાટીથી ૧૮ મીટર ઊંચો હોવાથી જહાંજો પણ પસાર થઈ શકે છે. ૧૫૦ મીટર ઊંચા બાહ્ય આકારના કર્વ શેપ પિલર પર મોરનાં પીંછાંની છાપ બનાવવામાં આવી છે. જે દિવસે અને રાત્રે દ્રશ્યમાન થાય છે. બ્રિજ પર ઠેર ઠેર ગીતાનું જ્ઞાન અને ધાર્મિક માહિતીનું કોતરણી કામ કરાયું છે. બ્રિજના પીલર પર પેડેસ્ટ્રિયન કોરિડોર બનાવાયો છે. જેમાં કેન્ટીલીવર વ્યૂ ગેલેરીઓ બનાવાઈ છે. બ્રિજના બન્ને છેડે ખાસ પાર્કિંગની સુવિધા ઉભી કરાઈ છે. જેમાં ઓખા બાજુ ૨૪ હજાર ચોરસ મીટર અને બેટ દ્વારકા બાજુ ૧૬ હજાર ચોરસ મીટર મુખ્ય પાર્કિંગ ઉભુ કરાયું છે.

### ATS સહિતના યુનિટ ગતિવિધિઓ પર રાખશે નજર

# રાજ્યમાં વિવાદિત ટિપ્પણી કરનારાઓની હવે ખેર નહીં, સામાજીક કાર્યક્રમોમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ધાર્મિક તેમજ સામાજીક કાર્યક્રમોમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેને લઈ હવે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સામાજિક શાંતિ ડહોળાય તેવા વીડિયો પર હવે પોલીસની નજર રહેશે. તેમજ ધાર્મિક સંતો, ડાયરાના કલાકારો, નેતાઓનાં વીડિયો પર હવે પોલીસ વોચ રાખશે. તેમજ એટીએસ, સીઆઈડી ક્રાઈમ, સાયબર ક્રાઈમનાં યુનિટ તમામ ગતિવિધિઓ પર નજર રાખશે. થોડા દિવસ પહેલા મૌલવી સલમાન અઝહરી દ્વારા ભડકાઉ ભાષણ આપતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારે મૌલવી સલમાન અઝહરીની પાસે હેઠળ અટકાયત કરી તેને ગત રોજ વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ ખસેડવામાં આવ્યો છે. મૌલાનાને વડોદરા સેન્ટ્રલ જેલમાં લાવવામાં આવી રહ્યો હોવાની તૈયારીના ભાગરૂપે રાવપુરા પોલીસ દ્વારા સાવચેતીનાં ભાગરૂપે જેલ બહાર કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ત્યારે મૌલાનાને વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે લાવવામાં આવ્યા હોવાના સમાચાર વાયુ વેગે તેમનાં સમર્થકોમાં ફેલાઈ જતા વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે મૌલાનાનાં સમર્થકોની ભારે ભીડ જામી હતી. હાલ મૌલાનાને સરકારા ગાઈડલાઈન પ્રમાણે ક્વોરન્ટાઈન બેરેકમાં રાખવામાં આવશે. તેમજ જેલમાં ધાર્મિક વાતાવરણ ન બગડે તે માટે મૌલાનાને હાઈ સિક્યુટિરીમાં રખાયો હતો. થોડા સમય પહેલા ભાવનગરના કાર્યક્રમમાં ગીગા ભમ્મરે બફાટ કર્યો છે. તેમણે કહ્યું કે, સુરતના રૂપિયાને દાનમાં ન લેવા જોઈએ. ગીગા ભમ્મરના બફાટનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. થોડા સમય પહેલા ગીગા ભમ્મરે ચારણ ગઢવી સમાજ પર બફાટ કર્યો હતો. જેનો વિવાદ માંડ માંડ શાંત થયો છે ત્યારે ફરી એકવાર તેમના બફાટનો વીડિયો વાયરલ થયો હતો. વીડિયોમાં ગીગા ભમ્મર જણાવી રહ્યાં છે કે, સુરત પૈસા ખૂબ ખરાબ છે, હું સુરતમાં ૨૭ વર્ષ રહ્યો છું. સુરતના પૈસા એટલે કે, ૧૫થી ૨૦ ટકાના પૈસા હોય છે. જે તમામ બગાડી દે છે. જે પૈસાના કારણે એકય દીકરીને બાળક નહી થાય. તે પૈસા દેહ વ્યપારના પૈસા હોય છે. યાદ રાખજો સુરતમાં કોઈ રહેવા ન જતા. પાછા આવી જાઓ અહીં બે ભેસ વધારે ચારજો. તેમણે રાજકારણ મુદ્દે પણ કહ્યું હતું કે, પહેલા કોઈ રાજકારણ જાણતા ન હતા ત્યારે હું રાવણ હતો. ત્યારે DSP પણ મને બદલી માટે પૂછતા હતા.

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું નિરીક્ષણ કરતી વખતે વૈષ્ણવે જણાવ્યું

# ધીમી ગતિ માટે તત્કાલીન ઉદ્ધવ ઠાકરે સરકારને જવાબદાર ગણાવી

## બે કલાકમાં મુંબઈ અને અમદાવાદ વચ્ચેનું અંતર કાપશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મહત્ત્વાકાંક્ષી બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ધીમી ગતિ માટે મહારાષ્ટ્રની તત્કાલીન ઉદ્ધવ ઠાકરે સરકારને જવાબદાર ગણાવી છે. તેમણે કહ્યું કે જો ઠાકરે સરકારે વહેલી તકે મંજૂરી આપી હોત તો દેશની પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં ઘણી પ્રગતિ થઈ ગઈ હોત. તેમણે કહ્યું કે બુલેટ ટ્રેન દોડવાથી આર્થિક પ્રગતિ થશે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કાર્યનું નિરીક્ષણ કરતી વખતે વૈષ્ણવે જણાવ્યું હતું કે મુંબઈ અને અમદાવાદ વચ્ચેના ૫૦૮ કિલોમીટર લાંબા કોરિડોર પર સુરત-બીલીમોરા સેક્શન જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં કાર્યરત થઈ શકે છે. તેમણે કહ્યું, આ પછી એક પછી એક અન્ય વિભાગો પર કામગીરી શરૂ થશે. તેમણે એ પણ માહિતી આપી હતી કે બુલેટ ટ્રેન કોરિડોરમાં 'મર્યાદિત સ્ટોપ' અને 'ઓલ સ્ટોપ'



સેવાઓ હશે. રેલ્વે મંત્રીએ કહ્યું કે મર્યાદિત સ્ટોપવાળી ટ્રેનો માત્ર બે કલાકમાં મુંબઈ અને અમદાવાદ વચ્ચેનું અંતર કાપશે, જ્યારે અન્ય સેવાઓમાં લગભગ ૨ કલાક ૪૫ મિનિટનો સમય લાગશે. આ પ્રોજેક્ટ હેઠળ કુલ ૧૨ સ્ટેશન હશે. તેનો અમલ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) દ્વારા કરવામાં આવી રહ્યો છે. રેલ્વે મંત્રી વૈષ્ણવે કહ્યું, જો તત્કાલીન ઉદ્ધવ ઠાકરે સરકારે ઝડપ થી તમામ પરવાનગીઓ આપી દીધી હોત તો પ્રોજેક્ટ અત્યાર સુધીમાં ખૂબ આગળ વધી ગયો હોત.

### પોલીસ પણ માથું ખંજવાળવા લાગી છે

# ન્યૂઝીલેન્ડમાં ભારતીય મૂળના ફાર્માસિસ્ટ જયંત પટેલનું કૌભાંડ

## જયંત પટેલ ફાર્મસીમાં કામ કરતો હતો અને ખોટી રીતે વધારાની દવાઓ મંગાવી તેની ચોરી કરીને તેને વેચી દેતો

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૪ ।

ન્યૂઝીલેન્ડમાં ભારતીય મૂળના એક વ્યક્તિએ ઝડપથી રૂપિયા કમાવવા માટે શોર્ટકટ અપનાવ્યો હતો પરંતુ અંતે તેને તે શોર્ટકટ ભારે પડી ગયો છે. જયંત પટેલ એક ફાર્માસિસ્ટ છે અને તે જે ફાર્મસીમાં કામ કરતો હતો ત્યાં ગુપ્ત રીતે વધારાની દવાઓ મંગાવતો હતો. ત્યારબાદ તે મંગાવેલી વધારાની દવાની ચોરી કરીને તેને વેચી દેતો હતો. તેણે આ રીતે ચોરેલી દવાઓ ઓનલાઈન વેચીને ચાર વર્ષમાં ૧,૨૬,૦૭૬ ડોલરની કમાણી કરી હતી. જયંત પટેલની જાન્યુઆરી ૨૦૧૬થી એપ્રિલ ૨૦૨૦ની વચ્ચે ટ્રેડ મી પર ફાર્મસી-ઓન્લી દવા સહિતની ચોરીની દવાઓ વેચવા બદલ ખાસ સંબંધ ધરાવતા વ્યક્તિ દ્વારા ચોરીનો દોષિત ઠેરવવામાં આવ્યો હતો. હેલ્થ પ્રેક્ટિશનર્સ ડિસિપ્લિનરી ટ્રિબ્યુનલ દ્વારા ૩૮ વર્ષીય જયંત પટેલ પર પ્રોફેશનલ મિસકન્ડક્ટના બે આરોપો માટે દોષિત ઠેરવવામાં આવ્યો છે. જયંત પટેલ ફાર્મસીમાં ચાર વર્ષથી કામ કરતો હતો જ્યારે તેણે વધારાનો સ્ટોક મંગાવવાનું શરૂ કર્યું હતું. બાદમાં તે વધારાનો સ્ટોક ચોરી લેતો હતો અને પોતાના બેડરૂમમાં તથા કારમાં છૂપાવી રાખતો હતો. તે પોતાની ચોરી છૂપાવવા માટે ખરીદીના દરેક ઓર્ડરને એડિટ કરી દેતો હતો જેથી ફાર્મસી દ્વારા વધારાનો સ્ટોક ક્યારેય નોંધવામાં આવતો ન હતો. જયંતે ટ્રેડ મી પર બે એકાઉન્ટ બનાવ્યા હતા અને તેના દ્વારા તે દવાઓનું વેચાણ કરતો હતો. જેમાં ફાર્મસી ઓન્લી એલર્જી રિલીફ, એન્ટિ-ફંગલ ટ્રીટમેન્ટ, આયર્ન સપ્લિમેન્ટ્સ, એન્ટિસેપ્ટિક ક્રીમ, લેક્સેટિવ્સ, રિફ્લક્સ મેડિસિન, આંખના ટીપા, ધુમ્રપાન છોડાવવા માટેની ગમ અને લોઝન્જીસનો સમાવેશ થાય છે. તેના પર ૬૦૦૦ લિસ્ટિંગ્સ દ્વારા ૨૦૦૦ ઓનલાઈન વેચાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જેમાં ડાયેટરી અને ન્યુટ્રિશન સપ્લિમેન્ટ્સ, મેનોપોઝ સપોર્ટ, સ્કિનકેર અને મેક-અપ જેવી અન્ય પ્રોડક્ટ્સ પણ સામેલ હતી. જયંત પટેલના આ કૌભાંડથી ટ્રિબ્યુનલ પણ આશ્ચર્યમાં મૂકાયું હતું. જયંત સપ્તાહમાં બે વખત ઉત્પાદનોનું ઓનલાઈન લિસ્ટિંગ અને વેચાણ કરતો હતો. એપ્રિલ ૨૦૨૦ સુધીમાં ફાર્મસીના માલિકે વધારાના હેબિટ્રોલ લોઝેન્જીસ જોયા હતા. આ લોઝેન્જીસનો ઉપયોગ ધુમ્રપાન છોડવામાં મદદ કરવા માટે થાય છે અને તે લાઈસન્સ ધરાવતી ફાર્મસીમાંથી વેચાણ કરવા



પડે છે. ફાર્મસીના ઓનર પણ વિચારમાં પડી ગયા કે વધારાના લોઝન્જીસ આવ્યા ક્યાંથી. તેથી તેમણે સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા અને તેના દ્વારા જાણવા મળ્યું કે જયંત પટેલ દ્વારા તે મંગાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તપાસ શરૂ કરવામાં આવી હતી અને ૨ એપ્રિલ ૨૦૨૦ના રોજ એક ખાનગી ઈન્વેસ્ટિગેટર દ્વારા તેની તપાસ કરવામાં આવી હતી. જયંત પટેલે પોતાની ચોરી સ્વીકારી લીધી હતી અને તેણે પોતાની કાર અને ઘરમાં રહેલી દવાઓ ઈન્વેસ્ટિગેટરને બતાવી હતી તથા ૧,૦૦,૦૦૦ ડોલર પાછા પણ ચૂકવ્યા હતા. ફાર્મસીના માલિકે ફાર્મસી કાઉન્સિલને ફરિયાદ કરી અને મે ૨૦૨૦માં જયંત પટેલે તેનું પ્રેક્ટિસિંગ સર્ટિફિકેટ સરેન્ડર કર્યું હતું. જ્યારે કાઉન્સિલે ફરિયાદને પ્રોફેશનલ કન્ડક્ટ કમિટી ચૅઝઝ્રને મોકલી અને બાદમાં તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. ફાર્મસી ઓનરે પોલીસને પણ ફરિયાદ કરી હતી જેમણે તપાસ કરીને જયંત પટેલ સામે ગુનો નોંધ્યો હતો. તેણે પોતાનો ગુનો કબૂલ્યો હતો અને ગયા વર્ષે મે મહિનામાં ખાસ સંબંધ ધરાવતી વ્યક્તિ દ્વારા ચોરીના પ્રતિનિધિ આરોપમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તેને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ઓગસ્ટમાં તેને છ મહિનાની કોમ્યુનિટી ડિટેન્શનની સજા ફટકારવામાં આવી હતી. ૧૯ ફેબ્રુઆરીએ યોજાયેલી સુનાવણીમાં જયંત પટેલે ડિફેન્સ કાઉન્સેલ ઈયાન બ્રુકી દ્વારા દાવો કર્યો હતો કે ૩૨ વસ્તુઓ વેચવામાં આવી હતી જે તેમને પરિવારના સભ્યો અથવા સેલ્સ રિપ્રેન્ઝન્ટેટિવ દ્વારા આપવામાં આવી હતી, જેમાં વોલ્ટેરેન ઈમ્યુલગેલ અને મલ્ટીવિટામિન્સનો સમાવેશ થાય છે. જોકે, પીસીસીના વકીલ ગિલિયન વીરે કહ્યું હતું કે, જયંત પટેલે દાવો સાબિત કરવા માટે કોઈ પુરાવા રજૂ કર્યા નથી. તેમણે જણાવ્યું હતું કે ફાર્મસીમાંથી હજુ પણ ૬૬ દવાઓ ચોરાઈ છે, જેમાં ડાયાબિટીક સ્ટ્રીપ્સનો સમાવેશ થાય છે.

### દુબઈ જવા માગતા ભારતીયો માટે સારા સમાચાર

# દુબઈએ ભારતીયો માટે હવે ખાસ વિઝા ઓફર જાહેર કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દુબઈ એક એવું ઈન્ટરનેશનલ ટુરિઝમ હબ બની ગયું છે, જ્યાં દુનિયાનો દરેક પ્રવાસી જવા માંગે છે. આ જ કારણ છે કે અહીં પ્રવાસીઓની સંખ્યા ધીમે ધીમે વધી રહી છે. રસપ્રદ વાત એ છે કે તાજેતરના ભૂતકાળમાં ભારતીયોમાં દુબઈ જવાની ઈચ્છા પહેલા કરતા વધુ વધી ગઈ છે. દુબઈ સરકાર પણ ભારતીયોની વધતી સંખ્યાથી ઘણી ખુશ છે. આ જ કારણ છે કે દુબઈએ હવે ભારતીયો માટે ખાસ વિઝા ઓફર જાહેર કરી છે. આ ૫ વર્ષની મલ્ટિપલ વિઝા ઓફર છે. આનાથી ભારતીયો માટે રજાઓ ગાળવાથી લઈને દુબઈમાં બિઝનેસ કરવા સુધીના નવા રસ્તાઓ ખુલ્યા છે. દુબઈનું આ પગલું બંને દેશો વચ્ચે આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવા, પ્રવાસન અને વેપાર સંબંધોને પ્રોત્સાહિત કરવા માટે ખાસ છે. દુબઈના અર્થતંત્ર અને પર્યટન વિભાગે કહ્યું છે કે આજે ભારત તેના દેશની આવકનો નંબર વન સ્ત્રોત બની ગયો છે. જી હા, અમારી સરકાર ખાસ કરીને ઉત્સાહિત છે. આ દ્વારા. વર્ષ ૨૦૨૩માં દુબઈએ ભારતમાંથી ૨.૪૬ મિલિયન લોકોનું સ્વાગત કર્યું છે. આ આંકડો કોવિડ પહેલાના સમયગાળા કરતા ૨૫ ટકા વધુ છે. દુબઈના પ્રવાસન વિભાગે જણાવ્યું કે નવી વિઝા ઓફર હેઠળ અરજી કર્યાના ૨થી ૫ કાર્યકારી દિવસોમાં વિઝા આપવામાં આવશે. આ પછી કોઈપણ પ્રવાસીને અહીં ૯૦ દિવસ રોકાવાની મંજૂરી આપવામાં આવશે. તે સમાન સમયગાળા માટે વધુ એક વખત વધારી શકાય છે, આમ કુલ રોકાણ વર્ષમાં ૧૮૦ દિવસનું રહેશે. મલ્ટી વિઝા ઓફર બંને દેશો




વચ્ચેની મુસાફરીને વધુ ઝડપી બનાવશે. વ્યવસાયિક ગતિવિધિઓ વધશે. ભારતીય પ્રવાસીઓ એકથી વધુ વખત દુબઈની મુલાકાત લઈ શકશે. ભારત અને દુબઈ વચ્ચેની મુસાફરી પહેલા કરતા વધુ સરળ બની જશે. નવા નિયમો હેઠળ હવે ભારતના લોકોને સાઉદી અરેબિયા જવા માટે ૯૬ કલાકના ફ્રી વિઝા મળશે. આ સાથે દુબઈ જવા માટે ૫ વર્ષના સ્પેશિયલ વિઝા પણ મળશે. દુબઈ જવાના શોખીન ભારતીયો માટે આ સારા સમાચાર છે. તાજેતરના વર્ષોમાં, ભારતીય પ્રવાસીઓએ અરબ દેશોની મુસાફરીમાં વધુ રસ દાખવ્યો છે. વર્ષ ૨૦૨૩માં ભારતથી દુબઈ જનારા પ્રવાસીઓની સંખ્યામાં ૩૪ ટકાનો વધારો થયો છે. દુબઈ સરકારે કહ્યું છે કે ભારત તેના માટે સૌથી મહત્વપૂર્ણ દેશ તરીકે ઉભરી આવ્યો છે. એ જ રીતે, ભારતમાંથી ૨.૪૬ મિલિયન પ્રવાસીઓએ ૨૦૨૩માં અમીરાતની મુલાકાત લીધી હતી, જ્યારે એક વર્ષ પહેલા આ સંખ્યા ૧.૮૪ મિલિયન હતી.

### UCC લાગૂ કરવાની દિશામાં મોટું પગલું

# અસમમાં મુસ્લિમ મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ ખતમ

। (એજન્સી) દિસપુર, તા.૨૪ ।

અસમ સરકારે યુનિફોર્મ સિવિલ કોર્ડ (UCC) તરફ પહેલું પગલું ભર્યું છે. આ મુહિમમાં હિમંતા સરકારે મુસ્લિમ મેરેજ અને ડિવોર્સ એક્ટ ૧૯૩૫ ને ખતમ કરવાનો નિર્ણય લીધો છે. અસમમાં હવે દરેક લગ્ન સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ થશે. અસમ સરકારે પોતાના નિવેદનમાં કહ્યું કે તેમના આ નિર્ણયથી બાળ વિવાહને ખતમ કરવાની દિશામાં મદદ મળશે. સરકારનો આ નિર્ણય શુક્રવારે રાતે રાજ્ય કેબિનેટની બેઠક દરમિયાન લેવાયો. અત્રે જણાવવાનું કે ઉત્તરાખંડમાં હાલમાં જ સમાન નાગરિકતા કાનૂન લાગૂ કરવામાં આવ્યો છે અને તેના ત્રણ અઠવાડિયા બાદ આ નિર્ણય આવ્યો છે. મંત્રી જયંત મલ્લબારુઆએ તેનેં ઞઞ ની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું છે. અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ટ્વીટ કરીને જણાવ્યું કે ૨૩ ફેબ્રુઆરીએ અસમ કેબિનેટે સદીઓ જૂના અસમ મુસ્લિમ વિવાહ અને તલાક રજિસ્ટ્રેશન અધિનિયમને રદ કરવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો. આ અધિનિયમમાં વર અને વધુ કાયદેસર ઉંમર ૨૧ અને ૧૮ના ન હોય તો પણ વિવાહ રજિસ્ટ્રેશનની મંજૂરી આપનારી કેટલીક જોગવાઈઓ સામેલ હતી. આ પગલું અસમમાં બાળ વિવાહ પર રોક લગાવવાની દિશામાં એક વધુ મહત્વપૂર્ણ પગલું છે. આ એક્ટ રદ થતા જ મુસ્લિમ મેરેજ એન્ડ ડિવોર્સ એક્ટ હેઠળ કામ કરતા ૯૪ મુસ્લિમ રજિસ્ટ્રારોને પણ હટાવવામાં આવ્યા છે. આ ત મામને હવે બે લાખ રૂપિયા એક સાથે વળતર ચૂકવીને તેમની ફરજોમાંથી મુક્ત કરાશે. મંત્રી મલ્લબારુઆએ એમ પણ કહ્યું કે, આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ સમાન નાગરિક સંહિતા તરફ આગળ વધવાનો છે અને આ અધિનિયમ જે અંગ્રેજોના જમાનાથી ચાલતો આવે છે.

## તંત્રી લેખ...

# મદદથી વિપરીત કોઈના દ્વારા કરવામાં આવેલ છેતરપિંડી

કઠિન સમયમાં મદદગાર વ્યક્તિ આપણને ભગવાન જેવો લાગે છે. આભાર પ્રગટ કરતાં વારંવાર એ જ વાક્ય નીકળે છે કે તમે મદદ ન કરી હોત તો કદાચ હું આ મુશ્કેલી સહન ન કરી શકતો. સમય વીતતો જાય છે. થોડા સમય બાદ મદદ કરનારાનું નામ પણ સ્મૃતિમાં નથી સચવાતું, ત્યારે મદદનું સ્વરૂપ તો શું યાદ રહે? આટલી કમજોર હોય છે માણસની સ્મૃતિ. જો મદદનો મામલો તાત્કાલિકનો હોય અને મદદ કરનારો સામે મળી જાય તો એવું પણ લાગવા માંડે છે કે ક્યાંક પહેલાં કરવામાં આવેલ મદદને બદલે આ શખ્સ મદદ માગવા તો નથી આવી ગયો ને? આ તો દૂરના કે અજાણ્યા કોઈ વ્યક્તિ પ્રત્યે કરાતા વ્યવહારનું ઉદાહરણ છે. ઘણી બધી એવી સ્થિતિઓ પણ હોય છે જ્યારે પરિવારમાં પણ આ પ્રકારની વાતો થવા લાગે છે. મદદથી વિપરીત કોઈના દ્વારા કરવામાં આવેલ છેતરપિંડી અને દગાની વાત હંમેશાં મનમાં તાજી રહે છે અને ભૂલાતી નથી. ત્યાં સુધી કે તારીખ, મહિનો અને સાલ પણ વર્ષોવર્ષ યાદ રહી જાય છે. ક્યારેક તો ખરાબ વાતો સ્મૃતિઓમાં એવી હલચલ પેદા કરવા લાગે છે કે માનસિક સંતુલન જાળવી રાખવું મુશ્કેલ થવા લાગે છે અને આ જ અસંતુલન અપ્રિય પગલું ઉઠાવવા મજબૂર કરી દે છે. એ વિચારવાની વાત છે કે આપણે કેમ કોઈની મદદને પળમાં ભૂલી જઈએ છીએ અને કોઈના દગા કે અપ્રિય વાતોને ભૂલી નથી શકતા? કોઈ આપણી મદદ કરે તો કોશિશ એ થવી જોઈએ કે ખુદ પણ મદદના રસ્તા પણ ચાલીએ. એવું ન થાય કે બીજાની મદદ કરવાના આપણા રસ્તા સાંકડા થતા જાય. પરિવારથી માંડીને સમાજ સુધીમાં ક્યારેક ક્યારેક એવો સમય આવી જાય છે, જ્યારે આપણને મદદની જરૂર પડે છે. યાદ રાખો કે મદદ વિકટ પરિસ્થિતિઓની દવા હોય છે. તેથી મદદની આપણી ભાવના મજબૂત રહેવી જોઈએ. મદદ કરનારા માટે કોઈને કોઈ મદદગાર તેના મુશ્કેલ સમય પર ઊભો થઈ જ જાય છે. સ્મૃતિ ન હોત તો? વીતી ગયેલા સમયની કોઈ યાદ ચિત્તમાં સંઘરાતી ન હોત તો? અતીતનાં સારાં-માઠાં તમામ સ્મરણો માણસ ભૂલી જતો હોત તો? તો એ અત્યારે છે એના કરતાં થોડોક વધારે સુખી હોત, થોડોક વધારે દુખી હોત. કુદરતે સ્મૃતિ આપી છે એટલે માણસ ભણી શકે છે, ભણીને ભણેલું યાદ રાખી શકે છે.

## સોશ્યલ મીડિયા મંચોને સ્પષ્ટપણે એ સંદેશ આપવો જોઇએ, કંપનીઓની મનમાની પર લગામ લાગવી જ જોઇએ

**સોશ્યલ મીડિયામાં એવી અનેક ટિપ્પણીઓ જોવા મળે છે, જેના માટે કારવાસની સજા થઈ શકે છે કે દંડ થઈ શકે છે**




કોઈપણ સોશ્યલ મીડિયા મંચના દુરુપયોગને રોકવો અનિવાર્ય જ નહીં, અનુકરણીય પણ છે. ખેડૂત આંદોલનના સમાધાન માટે પ્રયાસરત સરકારે આ આંદોલનને ધ્યાનમાં રાખતાં સોશ્યલ મીડિયા મંચ 'એક્સ'ના દુરુપયોગ પર વાંધો ઉઠાવ્યો હતો અને તેના અનેક એકાઉન્ટ અને પોસ્ટ હટાવવાનું ફરમાન કર્યું હતું. દેખીતું છે કે આદતથી મજબૂર એક્સે થોડી રાહ જોવડાવ્યા બાદ જ ભારત સરકારના આદેશનું પાલન કર્યું. જોકે એક્સ વાંધાજનક ખાતાંને માત્ર ભારત માટે પ્રતિબંધિત કરશે, બાકી દુનિયામાં આ ખાતાં અને પોસ્ટ દેખાતા રહેશે. સાથે જ એક્સે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો હવાલો આપતાં આ કાર્યવાહી સાથે પોતાની વૈચારિક અસહમતિ પણ વ્યક્ત કરી દીધી છે. શું એક્સની આ ટિપ્પણી વાંધાજનક નથી? શું પ્રશ્ન એ નથી થતો કે અભિવ્યક્તિની સ્વતંત્રતા ચીન કે રશિયા જેવા દેશોમાં ક્યાં ચાલી જાય છે? ૨૦થી વધુ દેશ છે, જ્યાં એક્સ પ્રતિબંધિત છે! દરેક દેશને પોતાની હિત-ચિંતાનો હક છે, તેથી ભારત સરકારની ચિંતા પણ વાજબી છે. મને-કમને પણ એક્સે ઝૂકવું પડ્યું છે. લોકો ભૂલ્યા નથી કે કર્ણાટક હાઈકોર્ટે ગયા વર્ષે ૨૦૨૧ ટેકડાઉન આદેશોને પડકારતી ટ્વિટર (એક્સ)ની અરજીઓ ફગાવી દીધી હતી અને સમય પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેતાં આ અમેરિકન કંપની પર ૫૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. આ વખતે પણ કાર્યવાહીની બીકે જ તેણે આદેશોનું પાલન કર્યું. સોશ્યલ મીડિયા મંચોએ ભારતની ઉદારતાનો આદર કરવો જોઈએ. અહીં ઉદારતાનો મતલબ અનુશાસનહીનતા જરા પણ નથી. કોઈપણ સરકાર એ વાતને સ્વીકાર ન કરે કે તેના વિરુદ્ધ સોશ્યલ મંચ પર અવિશ્વાસને ઉત્તેજન આપવામાં આવે. એવી ટિપ્પણીઓ પણ જોવા મળી છે જેમાં હિંસા ભડકાવવાનું કે લોકોને ઉશ્કેરવાનું કાવતરું સ્પષ્ટ જોઈ શકાય છે. પહેલા ખેડૂત આંદોલન સમયે જ દિલ્હીના લાલ કિલ્લા પર જે હિંસક હુમલો થયો હતો, તેને કોણ ભૂલી શકે? એવી કોઈ કોશિશને સમય રહેતાં નિષ્ફળ કરવામાં આવે તો તેમાં વાંધો નથી. દેશમાં સેવાઓ આપતા તમામ સોશ્યલ મીડિયા મંચોને સ્પષ્ટપણે એ સંદેશ આપવો જોઈએ કે ઉશ્કેરણીનું કોઈ કાવતરું ચલાવી નહીં લેવાય. કોઈપણ પ્રકારની માંગ માત્ર લોકતંત્ર અને બંધારણના દાયરામાં હોય, એ સુનિશ્ચિત કરવામાં કોઈ બુરાઈ નથી. સોશ્યલ મીડિયામાં એવી અનેક ટિપ્પણીઓ જોવા મળે છે, જેના માટે કારવાસની સજા થઈ શકે છે કે દંડ થઈ શકે છે. જ્યાં સુધી એક્સનો સવાલ છે, તો આ કંપની પહેલેથી જ ૫૦ લાખ રૂપિયાના દંડથી બચવા માટે અદાલતોમાં અરજ કરી રહી છે. જોકે આવા મામલે અદાલતોએ વહેલો નિર્ણય કરવો જોઈએ. સોશ્યલ મીડિયા કંપનીઓની મનમાની પર લગામ લાગવી જ જોઈએ. એવા મંચો પર પોતાના વિચાર રજૂ કરનારાઓને ખબર હોવી જોઈએ કે કોઈપણ કાયદો કે સમાજ કે દેશવિરોધી ટિપ્પણી ભારે પડી શકે છે. સરકારના આદેશ પર ૪૨ એક્સ એકાઉન્ટ અને ૪૯ લિંકને પ્રતિબંધિત કરવામાં આવી છે, પણ શું આટલું પૂરતું છે? નફરત ફેલાવનારા કે સામાજિક સદ્ભાવ સાથે રમત કરનારા જે પણ પક્ષ કે સંગઠન હોય, તે પ્રતિબંધ અને દંડના હકદાર છે.

**અત્યારે કોઈ પાકિસ્તાની નાગરિક ને પુછવામાં આવે તો એ કહી શકે કે એ અમારી સૌથી મોટી ભૂલ હતી!**

# પાકિસ્તાન નાદારી તરફ આગળ વધી રહ્યું છે અને છેલ્લા ૧૨ વર્ષમાં તેનું ચાર ગણું દેવું વધ્યું!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પાકિસ્તાનની આજની પરિસ્થિતિ જોતા સાચી લાગે, કેમકે આપણા દેશને આઝાદીનાં ૭૬ વર્ષ પૂરાં થયાં છે, અને આપણી જેમ જ પાકિસ્તાનને પણ એ જ રીતે ૭૬ વર્ષ પૂર્ણ થયાં! પરંતુ ભારત પ્રગતિને પંથે હરણફાળ ભરી રહ્યું છે, અને પાકિસ્તાન અત્યારે દેવાળું ફૂંકી રહ્યું છે**

તા ૧૫/૨ દુબઈ ખાતે ગવર્મેન્ટ્સ સમિટ્સમાં મોદીએ વિશ્વને ભ્રષ્ટાચાર મુક્ત કરવા મિનિમમ ગવર્મેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સનું સૂત્ર આપ્યું. વૃદ્ધોની વસ્તી વધતા અને નબળા યેનની અસરને કારણે જાપાનનું અર્થતંત્ર વિશ્વમાં ચોથા ક્રમે ગબડી જવાની આગાહી. તા ૧૬/૨ રાજકીય પક્ષોને મળતા અનામી ચૂંટણી દાન પર સુપ્રીમનો સપાટો, ચૂંટણી બોન્ડને ગેરકાયદેસર ગણાવી સુપ્રીમે રદ કર્યા. આઝાદ ભારતમાં પ્રજાને હચમચાવી દે તેવી ઘટના સંદેશખલીમાં, લાંબા સમયથી બળાત્કારીઓને છૂટો દોર મળ્યો. મોદીએ ૮ ભારતીયોની મુક્તિ બદલ કતારના આમિરનો આભાર માન્યો. તા ૧૭/૨ આઈ ટી વિભાગનું ટેક્સ માટે ૨૧૦ કરોડની રિકવરી માટેનું પગલે કોંગ્રેસના બેંક ખાતા ફ્રીઝ કરાયા, ગ્લોબલ વોર્મિંગ મુદ્દે માણસ જાત હજુએ ગંભીર થઈ નથી, તા ૧૮/૨ ૨૦૨૪ શરૂ થતા કોંગ્રેસ માટે એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ! ભારતીય મૂળના ૭૫ વૈજ્ઞાનિકો વતન પાછા ફરી કેન્દ્ર સરકારની ૮૦ કરોડની વૈભવ ફેલોશીપ સ્કીમનો લાભ મેળવશે. ઈસરોએ ઈન્સેટ-૩ ડીએસ સેટેલાઈટ તરતો મુક્યો, હવે હવામાનની સચોટ આગાહી થશે. ગુલઝાર અને સંસ્કૃત વિદ્વાન જગતગુરુ રામભદ્રાચાર્યને જ્ઞાનપીઠ એવોર્ડ. એક સપ્તાહ બાદ પણ પાકિસ્તાન સરકાર વિહોણો! ઈમરાનના પક્ષનું દેશ વ્યાપી આંદોલન, એના સમર્થકો વિફર્યા, હિંસા વચ્ચે અનેક વિસ્તારોમાં કર્ફ્યુ. તા ૧૯/૨ ખેડૂતોનો રોષ ટાળવા ડુંગળીની નિકાસ પરથી પ્રતિબંધ હટાવાયો. ઈંગ્લેન્ડને ૪૩૪ રનથી હરાવીને ભારતનો ટેસ્ટ ઈતિહાસમાં સૌથી મોટો વિજય.૨૦/૨ હોર્સ ટ્રેનિંગ લોકશાહી માટે જોખમ રૂપ છે, એવું સુપ્રીમનું નિવેદન. સંદેશખલી વિવાદને મણીપુર સાથે સરખાવી શકાય નહીં કર્ણાટક કોંગ્રેસના ૩૫ નેતા સામેની કાર્યવાહી પર સ્ટે.૨૧/૨ મહારાષ્ટ્રમાં મરાઠાઓને ૧૦% અનામતનું બિલ પસાર. સંદેશખલીના મુખ્ય આરોપી શાહજહાંને પકડીને હાજર કરો મમતાને હાઈકોર્ટનો આદેશ. ૨૨/૨ બીનાકા ગીત માલાથી મશહૂર બનેલા અમીન સયાનીનું ૯૧ વર્ષે નિધન. કાયદાવીદ ફલી નરીમાન એ દિલ્હીમાં અંતિમ શ્વાસ લીધા. ૫૯ વર્ષીય ટીવી એક્ટર ઋતુરાજસિંહનું અવસાન. બેરોજગારી ભૂખમરો પાકિસ્તાન નાદારી તરફ, ૧૨ વર્ષમાં ચાર ગણું દેવું વધ્યું કટોકટીની સ્થિતિ. ૨૩/૨ અમુલને સફળતા અપાવનાર પશુધનને પ્રણામ કરતાં પીએમ મોદીએ પશુપાલકોને અમુલને વિશ્વની ટોપની ડેરી બનાવવા આહવાન કર્યું, દરિયાઈ સુરક્ષા વધારવા નેવી માટે ૧૯ હજાર કરોડના ખર્ચે ૨૦૦ બ્રહ્મોસ મિસાઈલ ખરીદાશે. ગયા વીકમાં સમાજ દર્શન નહોતું થયું, એટલે એમ લાગ્યું કે ઓહો કેટલી બધી ઘટના ઘટી ગઈ! પણ મૂળ મુદ્દે માનવીય માનસિકતા તો હજી ત્યાંની ત્યાં જ છે. જોકે વિકાસ સાથે વૈચારિક વિકાસ સાધી શકાય તો બહુ તકલીફ ન પડે!એ વાત પાકિસ્તાનની આજની પરિસ્થિતિ જોતા સાચી લાગે, કેમકે આપણા દેશને આઝાદીનાં ૭૬ વર્ષ પૂરાં થયાં છે, અને આપણી જેમ જ પાકિસ્તાનને પણ એ જ રીતે ૭૬ વર્ષ પૂર્ણ થયાં! પરંતુ ભારત પ્રગતિને પંથે હરણફાળ ભરી રહ્યું છે, અને પાકિસ્તાન અત્યારે દેવાળું ફુંકી રહ્યું છે. ભારતની ખ્યાતિ દેશ વિદેશમાં અત્યારે કૂદકે ભૂસકે આગળ વધી રહી છે, જ્યારે પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે ઉઉ્ઁ એ ચેતવણી પણ આપી હતી, અને આ આતંકવાદનાં મુદ્દે અત્યારે આખા વર્લ્ડમાં લગભગ કોઈ દેશ પાકિસ્તાનનો હાથ પકડવા તૈયાર નથી. ટુંકમાં કહીએ તો ભારત પાકિસ્તાન ના ભાગલા થવા જોઈએ કે નહીં એવું જો અત્યારે કોઈ પાકિસ્તાની નાગરિકને પુછવામાં આવે તો એ કહી શકે કે એ અમારી સૌથી મોટી ભૂલ હતી! એટલું પાકિસ્તાન અત્યારે ભારતથી પાછળ ચાલી રહ્યું છે! એને જરા બારીકાઈથી જોઈએ. થોડા મહિના પહેલા પાકિસ્તાન પણ શ્રીલંકાની જેમ દેવાળું ફૂંકવા જઈ રહ્યું છે,એ સમાચાર બીબીસી દ્વારા પ્રકાશિત થયા હતાં, અને આજે તો હવે સાવ કટોકટી જેવું જ છે! દેશને યોગ્ય લીડર ન મળે તો શું થાય ! દરેક સરકાર પાકિસ્તાન ની સીમા વધારવા કરતાં પ્રજાના પોષણ વિશે વિચારે તો જ એ દેશ બચી શકે બાકી તો વારંવાર કોઈ ને કોઈ સરહદ પર નિરાશ્રિતો તરીકે પાકિસ્તાની જોવા મળે છે એવું જ થશે. ઈમરાન ખાન હોય કે નવાઝ શરીફ એમણે દેશની જનતા વિશે વિચારીને સાશન કરવું પડશે પછી અન્ય રીતે વિકાસના પગલાં ભરવા પડે. જ્યારે આ બાજુ ભારતની દુનિયાના પ્રતિષ્ઠિત દેશોમાં ગણના થવા લાગી છે અને દુનિયાના બધા જ દેશની નજર ભારતના આર્થિક વિકાસ દર થી શરૂ કરીને રાજકારણ અને વ્યાપારીકરણ પર ટકી રહી છે. દેશમાં બનતી નાનાં માં નાની ઘટનાઓથી બધા વાકેફ રહેવા સતત પ્રયત્નશીલ રહે છે. તેમજ ભારત કેટલાય જટિલ કોયડામાં મધ્યસ્થી બનીને એનો ઉકેલ લાવી રહ્યું છે. જેમકે શ્રીલંકા સામે આવી પડેલી આર્થિક કટોકટીનો ઉકેલ, યુક્રેન અને રશિયા વચ્ચેનાં યુદ્ધમાં પણ સમાધાનનો મુદો સૂચવ્યો, અફઘાનિસ્તાન પર તાલીબાનીઓ એ હુમલો કર્યો ત્યારે કેટલાંય અફઘાનિસ્તાની ઓનાં મસીહા બની ભારત એ તેમના ઉગાર્યા. એક સર્વે મુજબ હાલના આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયાનાં સૌથી પોપ્યુલર રાજકીય આગેવાન તરીકે પ્રખ્યાત છે, તેમનુ નોબેલ પ્રાઈઝ માટે પણ નોમિનેશન થયું છે. ઉપરથી વિકાસની રીતે પણ ભારતે ખૂબ મોટી ક્રાંતિ કરી છે, કોરોના જેવી વૈશ્વિક સમસ્યા સમયે લગભગ બધાં જ દેશ આર્થિક અને સામાજિક રીતે પડી ભાંગ્યાં હતાં અને લાખો લોકો એ જાન ગુમાવ્યા! પરંતુ ભારત એક એવો દેશ છે જેણે પોતાની આટલી મોટી આબાદી ને સુરક્ષા પુરી પાડવામાં પોતાની કાબેલિયત પુરવાર કરી! આ ઉપરાંત ભારતની પૂના સ્થિત આદર પૂનાવાલાની કંપની એ જ કોવી શીલ્ડ નામની વેક્સિન બનાવી અને એણે કોરોના વાયરસ ને માત કર્યો અને આજે દુનિયા એમાંથી ઉગરી ગઈ. દેશનાં નાના માં નાના નાગરિક વિશે વિચારી ને જે પગલાં ભરવામાં આવ્યા એ ખરેખર કાબિલે દાદ છે. ભારત આજે નંબર વનની દિશા તરફ કૂચ કદમ કરી રહ્યું છે અને વિકસિત દેશોની સાથે કદમ મિલાવીને ચાલી રહ્યું છે. તો આપણને વિચાર આવે કે બંને દેશોના વિકાસમાં આટલો બધો તફાવત કેમ? સીધી વાત છે ભારતની સરકારે સરહદે સુરક્ષા વધારી પણ અન્ય દેશોમાં પગપેસારો કરી પોતાની સીમા વધારવી એવું વિચાર્યું નહીં! આ ઉપરાંત જયાં પણ સમસ્યા હોય એમાં શાંતિથી સમાધાન એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે. એમ સમજાવ્યું, અને ભાઈચારાની ભાવના રાખી એની પડખે ઉભું રહ્યું. ભારતની સરકારે ભારતના પ્રજાજનોની સુખ સુવિધા અને સ્વાસ્થ્ય પર નજર રાખી કામ કર્યું, જ્યારે પાકિસ્તાન એ પોતાની સીમા વધારવા માટે સતત આતંકવાદને પોષ્યો! અને એટમ બોમ્બ પરમાણું બોમ્બ જેવા ઘાતક હથિયારો ખરીદવામાં દેશની પ્રજાનાં રુપિયા વાપરી નાખ્યા, જ્યારે પ્રજા પ્રત્યેની જવાબદારી નિભાવી નહીં અને એટલે અન્ય વિકાસમાં પણ પાછળ રહ્યું. પાકિસ્તાન ને એમ કે એકવાર કાશ્મીર હાથમાં આવી જાય પછી અમે વધુ તાકાતવાન છીએ, એવી સાબિતી દુનિયા ને મળી જશે! અને પછી બધા અમારા ઈશારે નાચશે! પણ એમની ચાલ એમને જ માથે પડી અને આજે ત્યાંની પ્રજા પણ ભારત તરફી વિચારધારાને અનુસર્યા હોત તો આપણી હાલત આવી નહોત! એમ માને છે. આજે વિચારીએ કે ભારત પાકિસ્તાનનાં ભાગલા ન થયાં હોત તો શું આપણો દેશ આટલો વિકાસ કરી શક્યો હોત કે પછી બંનેની તાકાત એકજૂટ થઈને કંઈક જુદું પરિણામ પણ લાવી શકે ખરી! અથવા ધર્મ ને નામે વારંવાર કોમી એખલાસ પણ થતાં હોત! શક્યતાની રીતે વિચારીએ તો ઘણું બધું સારું ખરાબ થવાની શક્યતા ને નકારી શકાય નહીં, પરંતુ આજે પાકિસ્તાનની પ્રજાની નજરે જોઈએ તો એમને તો એ વાતનો ખૂબ અફસોસ થતો હશે! કે મત મારી ગઈ હતી કે દેશના બટવારા કર્યા કે ભાગલા કર્યા! બીજું કંઈ નહીં તો રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીની અંતર ઈચ્છાને પણ એ વખતના ભાગલાવાદી માનસે તરછોડી દીધી! અને પાકિસ્તાનને એની જ ભાગલાવાદી માનસિકતા ભારે પડી, અને બની શકે મહાત્મા ગાંધીજીનો નિસાસો પણ ભારે પડ્યો હોય, અને એને કારણે આ પરિસ્થિતિ આવીને ઊભી રહી. એમની વિચારધારા એમને મુબારક આપણે તો વસુધૈવ કુટુંબની ભાવના રાખનાર છીએ! ભગવાન શ્રી રામ અને ભગવાન યોગેશ્વર વાસુદેવ શ્રીકૃષ્ણના વંશજ છીએ. આપણે દ્વેષ ભાવના રાખી શકીએ નહીં, કારણ કે એ સનાતન ધર્મની વિરુદ્ધ વાત છે. ઈશ્વર કરે અને એમની સમસ્યાનો હલ નીકળી આવે! અને એ લોકો પણ અમન વિશે વિચારે! કારણ કે વિશ્વ શાંતિ માટે સોનું યુદ્ધમાં નહીં પણ સૌ બુદ્ધ બનીએ! એ વિચાર પર એકમત થવું બહુ જરૂરી છે. જય હિન્દ.

**આખું જીવન જેની પાછળ જાય, તે જ અંતકાળે યાદ આવે છે, અંતકાળ એટલે દરેક પળને અંતે મનુષ્યનું મૃત્યુ થાય છે, તેથી પ્રતિક્ષણે પ્રભુનું સ્મરણ કરો**

# દુનિયામાં વિકાર વાસના વધ્યાં છે, તેથી ત્યાગ અને સંયમ ઘટ્યાં છે, જીવનમાં ભલે અડચણો આવે, પણ તમારા લક્ષ્ય ભૂલશો નહીં



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મનુષ્યોનો ઘણો સમય વાતો કરવામાં જાય છે. કેટલાંકનો વાંચવામાં જાય છે. બહુ વાંચવું એ પણ સારું નથી. બહુ વાંચવાથી શબ્દજ્ઞાન વધે છે, પણ કદાચ તેની સાથે અભિમાન પણ વધે છે**

એક મનુષ્ય સમુદ્રમાં સ્નાન કરવા સમુદ્ર કિનારે ગયો.પણ સ્નાન કરવાને બદલે તે ત્યાં બેસજ રહ્યો. લોકોએ તેને પૂછ્યું, અલ્યા, સ્નાન કરને! કેમ શાંત બેસી રહ્યો છે?તે પુરુષે કહ્યું, જોતા નથી. સમુદ્રમાં ઉપરાઉપરી કેવાં તરંગો આવે છે! સમુદ્રમાં આ તરંગો બંધ થાય એટલે સ્નાન કરીશ. સમુદ્રમાં મોજાં બંધ થવાનાં હતાં? મોજાં બંધ થાય નહીં ને સ્નાન પૂરું થાય નહીં. તે પ્રમાણે સંસાર સમુદ્ર છે. તેમાં અડચણરૂપી તરંગો તો આવવાનાં જ, એટલે કોઈ કહે અનુકૂળતા આવશે◦ ત્યારે ઈશ્વરનું ભજન કરીશ તો એવી સર્વાંગી અનુકૂળતા કદી આવતી જ નથી. જેમ પેલો પુરુષ સ્નાન કર્યા વગર રહી ગયો, તેમ તેવો મનુષ્ય ઈશ્વર ભજન કર્યા વગર રહી જાય છે. જીવનમાં ભલે અડચણો આવે, પણ લક્ષ્ય ભૂલશો નહીં. લોભી પૈસાનું લક્ષ્ય રાખે, તેમ મહાપુરુષો પરમેશ્વરનુંલક્ષ્ય રાખે છે. ભગવાને પણ ગીતામાં કહ્યું છે કે, અંતકાળે જે મારું સ્મરણ કરતાં દેહનો ત્યાગ કરે છે, તે મને પામે છે. અંતકાળ એટલે જીવનનો અંતકાળ નહીં. પરંતુ ક્ષણનો અંત કાળ.એટલે દરેક ક્ષણે ઈશ્વરનું ચિંતન, ધ્યાન-સ્મરણ કરવું જોઈએ. જીવન ક્ષણનું જ બનેલું છે. ગમે તે ક્ષણે તેનો અંત છે. તે અંતકાળ માટે પ્રતિક્ષણને સુધારશો તો જ મરણ સુધરશે. લોકો માને છે કે આખી જિંદગી કામધંધો કરીશું, કાળાંધોળાં કરીશું અને અંતકાળે ભગવાનનું નામ લઈ લઈશું અને તરી જઈશું. આ વિચાર ખોટો છે.એટલે તો સ્પષ્ટતા કરેલી છે કે, હંમેશાં જે ભાવનું ચિંતન કરશો તેનું જ અંતકાળે સ્મરણ થશે એટલે તે ભગવાને આજ્ઞા કરી છે કે નિરંતર મારું જ સ્મરણ કર.એ તો સર્વ વિદિત છે કે જેનું સતત ચિંતન એનું જ મરણકાળે સ્મરણ, રટણ થાય છે.એક સૌની માંદગીમાં પથારી વશ હતો. મહિનાથી બજારમાં ગયેલો નહીં. તેથી વિચારો સોનાના ભાવના જ આવ્યા કરે. અંતકાળ આવ્યો છે. ડૉક્ટરે તાવ માપી કહ્યું કે, એકસો પાંચ છે. (૧૦૫ ડિગ્રી તાવ છે.) સોની સમજ્યા, કોઈએ સોનાનો ભાવ કહ્યો.તે પોતાના પુત્રને ઉદ્દેશી બૂમ મારવા લાગ્યો કે, વેચી નાખ, વેચી નાખ! ૮૦માં લીધેલું છે અને ૧૦૫ થયા છે.માટે વેચી નાખ આમ બોલતાં બોલતાં સોનીએ દેહ છોડયો. સોનીએ આખી જિંદગી સોનાનો જ વિચાર કરેલો એટલે અંતકાળ તને સાનીનો જ વિચ આવ્યા. પૈસા, પૈસા કરનારને અંતકાળે પૈસાના જ વિચાર આવે છે. પૈસા કમાવા એ પાપ નથી, પરંતુ પૈસા મેળવતાં ભગવાનને ભૂલવા એ પાપ છે. શુકદેવજીએ કહ્યું,હે રાજા, મનુષ્ય નું આયુષ્ય આમ ને આમ પૂરું થઈ જાય છે. રાત્રિ નિંદ્રા અને વિલાસ માં પસાર થઈ જાય છે અને દિવસ ધન માટે ઉદ્યમ કરવામાં અને કુટુંબ નું ભરણપોષણ કરવામાં પૂરો થઈ જાય છે. મનુષ્યોનો ઘણો સમય વાતો કરવામાં જાય છે. કેટલાંકનો વાંચવામાં જાય છે. બહુ વાંચવું એ પણ સારું નથી. બહુ વાંચવાથી શબ્દજ્ઞાન વધે છે, પણ કદાચ તેની સાથે અભિમાન પણ વધે છે. રાજા, જે સમય ગયો તેને માટે હવે રડવું નહીં. તેનો વિચાર ન કરો. ભૂતકાળનો વિચાર કરવાથી કાંઈ લાભ નથી. તું તારા વર્તમાનને સુધાર. આ સાત દિવસનો સમય મળ્યો છે તેનો સદુપયોગકરો.મનુષ્યઈન્દ્રિયસુખમાંએવોફસાયોછેકે,તેને પોતાના લક્ષ્યનું ભાન રહેતું નથી. શરીર, પુત્ર, સ્ત્રી આદિ અસત્ય છે છતાં તેના મોહમાં એ એવો પાગલ બન્યો છે તે સમયનું ભાન નથી, લક્ષ્યનું ભાન નથી. માટે તમારે ક્યાં જવું છે અને શું થવું છે તે આજથી જ નક્કી કરો. ઈચ્છાશુદ્ધિ વિના કર્મશુદ્ધિ થતી નથી. નિશ્ચય કરો કે મારે ભગવાનને મળવું છે, મારે ભગવાનના ધામમાં જવું છે, મારે હવે ફરી જન્મ લેવો નથી. દુનિયામાં વિકારવાસના વધ્યાં છે તેથી ત્યાગ અને સંયમ ઘટ્યાં છે. કાળ ધક્કો મારે અને રડતાં રડતાં ઘર છોડીએ તેના કરતાં વિવેકથી ઘર છોડી દો તે જ સારું. પ્રભુનું સ્મરણ ક્ષણક્ષણને અંતકાળે કરવાનું,નહીં કે જીવનના અંતકાળે પ્રતિક્ષણ આ શરીર બદલાય છે. એટલે પ્રતિક્ષણ શરીરનો નાશ થાય છે. અંતકાળ એટલે દરેક પળને અંતે મનુષ્યનું મૃત્યુ થાય છે, તેથી પ્રતિક્ષણે પ્રભુનું સ્મરણ કરો.

આખું જીવન જેની પાછળ જાય, તે જ અંતકાળે યાદ આવે છે. એક ડોસો માંદો પડયો.તેનું સમગ્ર જીવન દ્રવ્ય વગેરે પાછળ ગયેલું. અંતકાળ નજીક આવ્યો. છોકરા ઓ બાપાને શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ' બોલવાનું કહે. પણ બાપાના મુખ માંથી ભગવાનનું નામ નીકળતું નથી. જિંદગીમાં ભગવાનનું નામ લીધું હોય તો ભગવાનનું નામ યાદ આવે ને? ડોસો મનથી દ્રવ્યનું ચિંતન કરે છે. ડોસાની નજર તેવામાં આંગણા પર પડી. ત્યાં જોયું તો વાછરડો સાવરણી ખાતો હતો. ડોસાથી નજીવું નુકસાન પણ ન જોયું ગયું. ડોસો હૈયું બાળે કે મેં કેવી રીતે મેળવ્યું છે તે આ લોકો શું જાણે? ઘરના કોઈલોકોને પૈસાની કે ચીજ વસ્તુઓની દરકાર નથી.આ લોકો મારા ગયા બાદ ઘરને કેવી રીતે ચલાવશે?ડોસાથી બોલી શકાતું નથી, છતાં તૂટકતૂટક શબ્દ તે વા..સા.. વા..સા બોલવા લાગ્યો. એક છોકરાને લાગ્યું,બાપા વાસુ દેવ બોલવા જાય છે પણ તેમનાથી બોલાતું નથી. બીજા છોકરાઓને સ્વાર્થને લીધે લાગ્યું કે, બાપા કંઈ વારસામાં આપવાની ઈચ્છાથી બોલે છે.વારસામાં આપવા ખાનગી મિલકત છુપાવી રાખી હશે. તે બાબતમાં તેઓ કંઈ કહેવા માગે છે.એટલે છોકરાઓ એ ડૉક્ટરને બોલાવ્યા ને કહ્યું, બાપા થોડું બોલી શકે તેમ કરો. ડૉક્ટરે કહ્યું કે,ઈંજેક્શન આપીએ તો ડોસો થોડો વખત બોલી શકશે, પરંતુ તે માટે એક હજાર રૂપિયા ખર્ચ લાગશે. છોકરા ઓને આશા હતી કે,બાપાએ કાંઈ દાટ્યું હશે તે બતાવશે.એટલે લાલચમાં એમણે રૂપિયા એક હજાર ખર્ચ કર્યો. બાપા શું બોલે છે તે સાંભળવા બધા આતુર થયા અને દવાની અસરથી બાપા બોલ્યા, અહીં મારા તરફ શું જુઓ છો? ત્યાં પેલો વાછરડો સાવરણી... બોલતાં બોલતાં ડોસાએ દેહ છોડયો. આવી દશા તમારી ન થાય તે જો જો. હસવાની આ કથા નથી, સાવધાન થવા માટે છે. એકલાં લક્ષ્મીજી આવે તો રડાવીને જાય છે. પણ ઠાકોરજી સાથે આવે તો સુખી કરે છે. લોકો કહે કે કાળ આવવાનો છે તેની કેમ ખબર પડે? પરંતુ કાળ આવતાં પણ કાગળ લખે છે, પણ કાળનો કાગળ કોઈને વાંચતાં આવડતો નથી. ઉપરનું છાપરું ધોળું થવા લાગે, ત્યારે માનજો કે કાળની નોટિસ આવી છે. દાંત પડવા લાગે એટલે માનજો કે કાળની નોટિસ આવી છે. હવે દૂધ-ભાત ખાઈને પ્રભુભજન કરવાનો સમય આવ્યો છે પણ લોકો તો ચોકઠું બનાવડાવે છે. ચોકઠું હોય તો પાપડ ખાવાની મજા આવે છે. અરે! ક્યાં સુધી ખાશો? ખાવાથી શાંતિ મળતી નથી. ખાવાથી વાસના વધે છે. મૃત્યુની નિશાની અનેક રીતે બતાવી છે. અરુંધતીનો તારો ન દેખાય તો સમજજો કે એક વર્ષમાં મરીશ. સ્વપ્નમાં શરીર કાદવમાં ખૂંપતું દેખાય તો માનવુંકે નવ માસ માં મારું મૃત્યુ છે. સ્વપ્નમાં ગધેડા ઉપર, કુંભારના હાથી ઉપર બેઠેલો દેખાય તો માનવું કે, છ માસમાં મૃત્યુ થશે.કાનમાં આંગળી નાખ્યા પછી અંતરધ્વનિ ન સંભળાય, તો માનજો કે આઠ દિવસમાં મરીશ. મૃત્યુનાં લક્ષણો જાણી ગભરાશો નહીં. સાવધાન થવા માટે આ લક્ષણો બતાવ્યાં છે. સાવધાન થવા માટે કથા છે. રાજા, મરણને સુધારવું હોય તો પ્રત્યેક ક્ષણને સુધારજો. રાજા, રોજ વિચાર કરવો. મનને વારંવાર સમજાવવું કે, ઈશ્વર સિવાય મારું કોઈ નથી. આ શરીર પણ એક દિવસ છોડવું પડશે. તેથી તે પણ મારું નથી શરીર મારું નથી તો મારું કોણ ? કારણ સર્વ સંબંધો શરીરથી ઉત્પન્ન થાય છે. ભાવના કરો મારું કોઈ નથી હું કોઈનો નથી આ રીતે મમતા કરો સંગ્રહથી મમતા વધે છે માટે અપરગ્રહી રહો તૃપ્તિ ભોગમાં નહીં ત્યાગમાં છે.

# શું તણાવ માઈગ્રેનનું કારણ બની શકે છે?



આધાશીશી એ એક ન્યુરોલોજીકલ સ્થિતિ છે જે તમારા માથાની એક અથવા બંને બાજુએ ધબકારા, ધબકારા સાથે દુખાવો સહિતના વિવિધ લક્ષણોનું કારણ બની શકે છે. પીડા મોટેભાગે મંદિરોની આસપાસ અથવા એક આંખની પાછળ અનુભવાય છે. પીડા કલાકોથી દિવસો સુધી ગમે ત્યાં રહી શકે છે. જો તણાવ તમારા આધાશીશી એસિોડ્સ માટે ટ્રિગર છે, તો તમારા તણાવના સ્ત્રોતને ઘટાડવા અથવા દૂર કરવા માટે કામ કરો. દવાઓ અને સ્વ-સંભાળના પગલાં તમને લક્ષણોમાંથી રાહત મેળવવા અને તમારા આધાશીશી હુમલાની આવૃત્તિને રોકવા અથવા ઘટાડવામાં પણ મદદ કરી શકે છે. અન્ય લક્ષણો કે જે આધાશીશીના એપિસોડ દરમિયાન થઈ શકે છે તેમાં ઉબકા, ઉલટી અને પ્રકાશ પ્રત્યે સંવેદનશીલતાનો સમાવેશ થાય છે. માઈગ્રેન એ માથાનો દુખાવો સમાન નથી. તેનું કારણ શું છે તે સારી રીતે સમજી શકાયું નથી. પરંતુ તણાવ સહિત જાણીતા ટ્રિગર્સ છે. અમેરિકન માથાનો દુખાવો સોસાયટી અનુસાર, માઈગ્રેન ધરાવતા પમાંથી ૪ લોકો ટ્રિગર તરીકે તણાવની જાણ કરે છે. ઉચ્ચ તાણના સમયગાળા પછી છૂટછાટને પણ આધાશીશી હુમલાના સંભવિત ટ્રિગર તરીકે ઓળખવામાં આવે છે. તો, તણાવ અને આધાશીશી વચ્ચે શું સંબંધ છે? અમે તમને જલ્દી સારું અનુભવવા માટે સંશોધન, લક્ષણો અને સામનો કરવાની વ્યૂહરચના સમજાવીએ છીએ. તણાવથી માઈગ્રેન એપિસોડના જોખમને ઘટાડવા માટે તમે કેટલીક બાબતો કરી શકો છો. આ વસ્તુઓ તણાવ અને આધાશીશી બંનેના કારણે થતા લક્ષણોને દૂર કરવામાં પણ મદદ કરી શકે છે. નીચેનાનો વિચાર કરોઃ તમારી દિનચર્યામાં આરામની કસરતોનો સમાવેશ કરો, જેમ કે યોગ અને ધ્યાન. જ્યારે તમને લાગે કે માઈગ્રેનનો એપિસોડ આવી રહ્યો છે ત્યારે અંધારાવાળી રૂમમાં આરામ કરો. પૂરતી ઊંઘ મેળવો, જે દરરોજ રાત્રે સૂવાનો સમય સતત રાખીને મેળવી શકાય છે. મસાજ ઉપચારનો પ્રયાસ કરો. તે આધાશીશીના એપિસોડ્સને રોકવામાં, કોર્ટિસોલનું સ્તર ઘટાડવામાં અને ચિંતા ઘટાડવામાં મદદ કરી શકે છે, ૨૦૦૬ના જૂના અભ્યાસ મુજબ. તે તણાવના સ્તરને ઘટાડી શકે છે અને આધાશીશી હુમલાની આવર્તન, તીવ્રતા અને લંબાઈ ઘટાડવામાં મદદ કરશે.

# આ રીતે ઘરે ડુંગળીમાંથી તેલ બનાવો અને વાળમાં લગાવો, હેર ફોલ કંટ્રોલમાં થઇ જશે

આજનાં આ સમયમાં મોટા ભાગના લોકોને હેર ફોલની સમસ્યા રહેતી હોય છે. હેર ફોલ સતત થવાને કારણે ટાલ પડવાના ચાન્સિસ વધારે રહે છે. આમ, તમે હેર ફોલ કંટ્રોલ કરવા ડુંગળીનું તેલ નાખો છો તો સૌથી બેસ્ટ છે. ડુંગળી વાળ માટે સૌથી બેસ્ટ સાબિત થાય છે. ડુંગળીમાંથી તમે ઘરે તેલ બનાવો છો તો વાળમાં એપ્લાય કરો છો તો હેર ફોલ તરત કંટ્રોલમાં થઈ જાય છે. આ સાથે તમારા હેરનો ગ્રોથ ફટાફટ વધવા લાગે છે. ડુંગળીમાં સલ્ફર હોય છે જે વાળને પૂરતુ પોષણ આપવાનું કામ કરે છે. તમે ડુંગળીનું તેલ વાળમાં લગાવો છો તો ખોડો પણ નહીં થાય. વાળમાં થતા ખોડામાંથી છૂટકારો મેળવવા માટે ડુંગળીનું તેલ સૌથી બેસ્ટ સાબિત થાય છે. આમ, તમે સરળતાથી ડુંગળીનું તેલ ઘરે બનાવી શકો છો. ડુંગળીનું તેલ બીજા પણ અનેક ગુણોથી ભરપૂર હોય છે. તો જાણો ડુંગળીનું તેલ કેવી રીતે ઘરે બનાવશો. ડુંગળીનું તેલ બનાવવા માટે સૌ પ્રથમ ચારથી પાંચ ડુંગળી લો અને એના કટકા કરી લો.

હવે એક બાઉલ લો જેટલું નારિયેળ તેલ તેમજ દિવેલ લો. તમે સરસિયાનું તેલ પણ લઈ શકો છો. હવે આ તેલને ફાસ્ટ ગેસે એક વાર ગરમ કરી લો. તેલ ગરમ થઈ જાય એટલે એમાં ડુંગળીના કટકા નાખી દો. ત્યારબાદ આ તેલમાં મીઠા લીમડાના પાન નાખો અને ગેસની ફ્લેમ ધીમી કરી દો. ત્યારબાદ આ તેલ અડધુ થઈ જાય ત્યાં સુધી સતત થવા દો. આમ કરવાથી



તેલ ઘટ્ટ થઈ જશે. હવે ગેસ બંધ કરી દો અને તેલને રૂમ ટેમ્પરેચર પર ઠંડુ થવા દો. તો તૈયાર છે ડુંગળીનું તેલ. આ તેલ અઠવાડિયામાં બેથી ત્રણ વાર એપ્લાય કરવાનું રહેશે. આ તેલ રાત્રે એપ્લાય કરો અને એક દિવસ પછી હેર વોશ કરી લો. આ તેલથી વાળ મસ્ત થઈ જશે. આ તેલ તમે રેગ્યુલર વાળમાં એપ્લાય કરો છો તો હેર મસ્ત થઈ જશે. તમારા વાળ બહુ ખરે છે તો તમે આ તેલ નાખવાનું શરૂ કરી દો. આ તેલથી વાળ મસ્ત સિલ્કી અને શાઈની થઈ જશે. આ તેલ વાળમાં એપ્લાય કરવાથી હેર ફોલ કંટ્રોલમાં થઈ જશે. આજકાલ નાની ઉંમરમાં વાળ સફેદ થવાની સમસ્યા જોવા મળે છે. આ સ્થિતિમાં ડુંગળીનું તેલ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તે વાળને સફેદ થતા અટકાવે છે અને વાળને કાળા રાખે છે.જો તમારા વાળ ઘણા ખરતા હોય તો પણ આ તેલની માલિશ તમારા માટે ખૂબ જ સારી માનવામાં આવે છે. ડુંગળીનું તેલ વાળ ખરતા અટકાવે છે અને ડેન્ડ્રફની સમસ્યાથી પણ છુટકારો અપાવે છે. ડુંગળીનું તેલ તમારા વાળ માટે વધુ સારા કન્ડિશનર તરીકે કામ કરે છે અને તમારા વાળને મુલાયમ અને ચમકદાર બનાવે છે. તેને લગાવવાથી વાળનો વિકાસ ખૂબ જ ઝડપથી થાય છે. ડુંગળીમાં સલ્ફરનું પ્રમાણ ઘણું હોય છે, જેના કારણે તે વાળને મજબૂત બનાવે છે અને તેને જાડા, લાંબા બનાવે છે. છોકરીઓને લાંબા વાળ ખૂબ જ પસંદ હોય છે. આજકાલ છોકરાઓમાં પણ આ ટ્રેન્ડ પોપ્યુલર થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ડુંગળીનું તેલ તમારા માટે મદદરૂપ થઈ શકે છે. ડુંગળીના તેલમાં એવા તત્વો હોય છે જે વાળને કાળા, લાંબા અને જાડા બનાવે છે. ડુંગળીનું તેલ બનાવવા માટે સૌ પ્રથમ ડુંગળીને છોલીને કટકા કરી લો. આ ડુંગળી વધારે મોટી નહીં, પરંતુ ઝીણી સમારવાની રહેશે. હવે કોકોનટ ઓઈલ અથવા જૈતુનનું તેલ લો અને ગરમ કરવા માટે મુકો. તેલ ગરમ થઈ જાય એટલે એમાં સમારેલી ડુંગળી નાખો અને બરાબર ગરમ થવા દો. ધુમાડા થોડા નિકળવા લાગે એટલે ગેસ બંધ કરી દો. ખાસ ધ્યાન એ રાખો કે આ બધુ ધીમા ગેસે કરવાનું રહેશે. આ તેલને ગાળીને એક બોટલમાં ભરી લો. ડુંગળીનું તેલ વાળમાં કેવી રીતે લગાવવુ જોઈએ એ જાણવું ખૂબ જરૂરી છે. તમે કોઈ પણ સમયે લગાવો છો તો એનો કોઈ વધારે ફાયદો થતો નથી. ખાસ ધ્યાન એ રાખો કે વાળમાં ડુંગળીનું તેલ લગાવતા પહેલાં તમે હેર વોશ કરી લો. હેર વોશ કરવાથી વાળમાં રહેલી ગંદકી દૂર થઈ જાય છે. હેર પ્રોપર રીતે કોરા થઈ જાય એટલે આ તેલ તમારે રાત્રે ઊંઘતા પહેલાં લગાવવાનું રહેશે.



પેટ સાથે સંબંધિત સમસ્યા જ્યારે થાય છે ત્યારે તેનાથી હંમેશા મૂડ પણ ખરાબ રહે છે. ક્યાંક જવામાં પણ શરમ અનુભવાય છે. આવી સ્થિતિમાં વ્યક્તિ માનસિક બીમારીનો પણ ભોગ બની શકે છે. ખરેખર, પેટ સંબંધિત સમસ્યાઓ માટે ઘણા કારણો જવાબદાર છે. જ્યારે આપણે ફાઈબરથી ભરપૂર ખોરાક ઓછો લઈએ છીએ, ઓછું પાણી પીતા હોઈએ છીએ અથવા જંક કે ફાસ્ટ ફૂડનું વધુ સેવન કરવાનું શરૂ કરીએ છીએ.



કેટલાક લોકો વારંવાર પેટમાં ગેસ, અપચો, પેટ ફૂલવું, કબજિયાત વગેરેની ફરિયાદ કરે છે. જો તમે પણ આ સમસ્યાઓથી પરેશાન છો તો થોડા દિવસો સુધી ઘરે બનાવેલી સ્મૂધીનું સેવન કરો. થોડા જ દિવસોમાં પેટ સંબંધિત જૂની સમસ્યાઓ પણ ખતમ થઈ જશે. હેલ્થલાઇનના રિપોર્ટ અનુસાર, જો ફૂડમાં ફાઈબરની માત્રા વધારે હોય તો કબજિયાત અને ગેસની સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે.



જો તમે પેટ સંબંધિત ગંભીર સમસ્યાઓથી પરેશાન છો તો કાકડી-લીંબુ અને નારંગીની સ્મૂધી બનાવો. આ માટે કાકડી અને નારંગીને છોલી લો. હવે બંનેને મિક્સરમાં પીસી લો. ધ્યાન રાખો કે તેમાંથી રસ નથી કાઢવાનો. આ બેમાંથી સ્મૂધી બનાવવાની છે. તેમાં કાકડી અને નારંગીનો પલ્પ પણ હોવો જોઈએ. જ્યારે તે તૈયાર થઈ જાય ત્યારે તેમાં લીંબુનો રસ નાખીને તેનું સેવન કરો.

## નવા વિચાર-મંથનો કેવી રીતે ઉત્પન્ન થાય છે



વિચાર-મંથનનો અર્થ એ છે કે કોઈ ચોક્કસ સમસ્યા અથવા વિષય માટે મોટી સંખ્યામાં વિચારો અથવા ઉકેલો જનરેટ કરવા, સામાન્ય રીતે જૂથ સેટિંગમાં. તેમાં ઘણીવાર મુક્ત અને સર્જનાત્મક વિચારસરણીને પ્રોત્સાહિત કરવાનો અને વધુ બિનપરંપરાગત અથવા નવીન સૂચનો બહાર આવવા દેવા માટે વિચારોની ચુકાદા અથવા ટીકાને સ્થગિત કરવાનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિનો ધ્યેય સંભવિત વિકલ્પો અથવા ઉકેલોની વિશાળ શ્રેણી પેદા કરવાનો છે, જેનું મૂલ્યાંકન, શુદ્ધિકરણ અને જરૂરિયાત મુજબ પ્રાથમિકતા આપી શકાય છે. માટે મંથન ઉપયોગી ટેકનિક બની શકે છે સમસ્યા ઉકેલવાની, સર્જનાત્મક વિચારસરણી, અને ઘણા વિવિધ સંદર્ભોમાં વિચાર જનરેશન, જેમ કે વ્યવસાય, શિક્ષણ અને વ્યક્તિગત વિકાસ બધા સહભાગીઓને નિર્ણય અને વિચારોની ટીકાને સ્થગિત કરવા માટે પ્રોત્સાહિત કરો. વિચારોનું મૂલ્યાંકન કરવાનું અથવા તેને પ્રસ્તાવિત કરવામાં આવતાં તેને નકારવાનું ટાળો, કારણ કે આ સર્જનાત્મકતાનો નાશ કરી શકે છે અને સહભાગિતાને નિરાશ કરી શકે છે. દરેક વિચાર મહત્વ ધરાવે છે. જૂથને તેમની ગુણવત્તા અથવા શક્યતા વિશે ચિંતા કર્યા વિના શક્ય તેટલા વધુ વિચારો પેદા કરવા માટે પ્રોત્સાહિત કરો.

BOLLYWOOD NEWS FLASH



# અજય દેવગને અલૌકિક પ્રવૃત્તિઓ એટલે પેરાનોર્મલ એક્ટિવિટીઝનો સામનો કર્યો

**અજય દેવગન હોરર-ડ્રામા ફિલ્મ શૈતાનમાં જોવા મળશ ટ્રેલર લોન્ચિંગ સમયે અજય દેવગને કહ્યું કે તેમણે વાસ્તવિક જીવનમાં પેરાનોર્મલ એક્ટિવિટીઝનો અનુભવ કર્યો**

અજય દેવગને ફિલ્મ શૈતાન વિશે કહ્યું કે હું ઘણા સમયથી હોરર ફિલ્મ કરવા માગતો હતો. મેં ૨૦૦૩માં ભૂત ફિલ્મ કરી હતી. મને આ સ્ટાઈલ ગમે છે કારણ કે દરેક સંસ્કૃતિમાં કાળો જાદુ અસ્તિત્વ ધરાવે છે. આ ફિલ્મ માત્ર મારા વિશે નથી, પરંતુ જે કોઈના પરિવારે કાળા જાદુનો સામનો કર્યો છે તે ચોક્કસપણે આ ફિલ્મ સાથે જોડાશે. તે સમજી શકશે કે આ ફિલ્મમાં મારી જવાબદારી શું છે. અજય દેવગને વધુમાં કહ્યું, મેં ઘણી બધી અલૌકિક પ્રવૃત્તિઓનો અનુભવ કર્યો છે. અમારી કારકિર્દીના પ્રથમ ૧૦-૧૨ વર્ષોમાં જ્યારે અમે બહાર શૂટિંગ કરતા હતા. ત્યારે અમને ઘણીવાર પેરાનોર્મલ પ્રવૃત્તિઓનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે અજય દેવગનને પૂછવામાં આવ્યું કે શું તે કાળા જાદુમાં વિશ્વાસ કરે છે? તો અભિનેતાએ કહ્યું- જોકે મારી પાસે ઘણો અનુભવ છે. પરંતુ મને ખબર નથી કે તે કેટલું સાચું છે અને કેટલું યાદ છે. સાચું કહું તો, હું ભાગ્યે જ કોઈને મળ્યો છું જે તેનામાં વિશ્વાસ ન કરે. જ્યારે આપણે ઘરની બહાર નીકળીએ છીએ અથવા બીમાર પડીએ છીએ, ત્યારે આપણા મગજમાં પ્રથમ વસ્તુ આવે છે તે છે દુષ્ટ આંખ. આ વિચાર માત્ર મારા કે તમારા મનમાં જ નહીં, દરેકના મનમાં આવે છે. ફિલ્મના ટ્રેલરમાં અજય દેવગન-જ્યોતિકા પોતાની દીકરીને કાળા જાદુથી બચાવવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. શેતાનનું પાત્ર ભજવતા આર માધવન અજય અને જ્યોતિકાના ઘરે માત્ર ૧૫ મિનિટ રહેવાની પરવાનગી માગે છે. પરંતુ આ દરમિયાન તેઓ અજય-જ્યોતિકાની પુત્રીને હિપ્નોટાઈઝ કરે છે. ત્યારબાદ પુત્રીને અજય અને જ્યોતિકા સામે હથિયાર તરીકે રજૂ કરવામાં આવે છે. માધવને કહ્યું, જો તમે ક્યારેય માતા-પિતાની શક્તિનો અનુભવ કરવા માગતા હો, તો જ્યારે તેમનું બાળક મુશ્કેલીમાં હોય ત્યારે તેમને જુઓ.

**હાલમાં પિક્ચર માટે કાસ્ટ ફાઈનલ કરાઈ રહી છે**

# અપકમિંગ ફિલ્મ લાહોર ૧૯૪૭ના કારણે ચર્ચામાં

ગયા વર્ષે સની દેઓલે 'ગદર ૨' સાથે ઘણો સમય વિતાવ્યો હતો. તેની સફળતા પછી, તેને એક મોટો પ્રોજેક્ટ મળ્યો, જે છે 'લાહોર ૧૯૪૭'. આમિર ખાન આ ચિત્રનું નિર્માણ કરી રહ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે તે તેમાં ગેસ્ટ અપિયરન્સ પણ કરશે. જો કે આ પહેલા તેની 'સિતારે જમીન પર' આવશે, જેની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. સારું, ચાલો 'લાહોર ૧૯૪૭' પર પાછા આવીએ. હાલમાં પિક્ચર માટે કાસ્ટ ફાઈનલ કરવામાં આવી રહ્યા છે. દરરોજ કોઈ ને કોઈ સ્ટાર ફિલ્મ સાથે જોડાઈ રહ્યા છે. આ દરમિયાન એક મોટું અપડેટ સામે આવ્યું છે. હાલમાં જ મિર્ઝાપુરના ગુડ્ડુ ભૈયા એટલે કે અલી ફઝલ સની દેઓલની પિક્ચરમાં એન્ટ્રી કરી છે. આ ફિલ્મ આ વર્ષે રિલીઝ થશે નહીં. પરંતુ તેનું શૂટિંગ



ટૂંક સમયમાં શરૂ થવાનું છે. વાસ્તવમાં સની દેઓલ લોકેશન માટે રવાના થઈ ગયો છે. આ માહિતી તેણે પોતે આપી છે. સની દેઓલે તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શેર કરી છે.

# પ્રી-વેડિંગ ફંક્શનની જોરદાર તૈયારી

**એક વિડીયો પણ વાયરલ થયો છે જેમાં શાહરુખ ખાન પોતાની ટીમ સાથે જામનગર એરપોર્ટ પર સ્પોટ થયો**

નીતા અંબાણી અને મુકેશ અંબાણીના નાના દીકરા અનંત અંબાણીના લગ્ન રાધિકા મર્ચન્ટ સાથે થવાના છે. આ લગ્ન અત્યારથી જ ચર્ચામાં છે. કારણ કે લગ્ન પહેલાં માર્ચ મહિનામાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી વેડિંગ ફંક્શન કરવામાં આવશે. જેની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આ તૈયારીઓ માત્ર અંબાણી પરિવાર જ નહીં બોલીવુડના કલાકારો પણ કરી રહ્યા છે. કારણ કે આ લગ્નમાં શાહરુખ ખાન, આલિયા ભટ્ટ, રણબીર કપૂર સહિતના કલાકારો પણ ધૂમ મચાવશે. રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીના પ્રી વેડિંગ ફંક્શન જામનગરમાં થવાના છે. ૧ માર્ચથી અનંત અને રાધિકાના પ્રી-વેડિંગ ફંક્શન શરૂ થશે જે ૪ માર્ચ સુધી જામનગરમાં ચાલશે. આ ફંક્શનમાં દુનિયાભરના દિગ્ગજો પહોંચવાના છે. આ પ્રિ વેડિંગ ફંક્શનમાં બોલીવુડના કલાકારો પરફોર્મ કરવાના છે. આ અંગે જાણવા મળતી માહિતી અનુસાર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી વેડિંગ ફંક્શનમાં શાહરુખ ખાન સહિત આલિયા ભટ્ટ, રણબીર કપૂર સહિતના કલાકાર ડાન્સ પર્ફોર્મન્સ કરશે. તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર એક



વિડીયો પણ વાયરલ થયો છે જેમાં શાહરુખ ખાન પોતાની ટીમ સાથે જામનગર એરપોર્ટ પર સ્પોટ થયો હતો. આ વિડીયો વાયરલ થતા ચર્ચાઓ શરૂ થઈ છે કે શાહરુખ ખાન પ્રિ વેડિંગ ફંક્શનના પર્ફોર્મન્સના રિહર્સલ માટે જામનગર પહોંચ્યો છે. શાહરુખ ખાન ઉપરાંત આ લગ્નમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટ પણ ડાન્સ કરશે. આ કપલ પણ થોડા સમય પહેલા જામનગર પહોંચ્યું હતું. અંબાણી પરિવારના જામનગરના ફાર્મહાઉસ ખાતે આ બંને જોવા મળ્યા હતા. આલિયા અને રણબીર અનંત અને રાધિકાના લગ્નમાં શાનદાર પર્ફોર્મન્સ કરવાના છે.

**વેબ સીરીઝ જોયા પછી ઘરમાં એકલા રહેવામાં લાગે બીક, આ ફિલ્મો અને વેબ સીરીઝ જોવા માટે હિંમતની જરૂર પડશે**

# ઓટીટી પ્લેટફોર્મની ૫ સૌથી ખતરનાક હોરર વેબ સીરીઝ



ઓટીટી પર લોકોને રોજ નવું નવું કંઈક જોવું હોય છે. ખાસ કરીને હોરર ફિલ્મોની વાત આવે તો મોટાભાગે લોકો ઓટીટી પર હોલીવુડ ફિલ્મો જોવાનું પસંદ કરે છે. પરંતુ આજે તમને બોલિવૂડની પાંચ સૌથી ભયંકર ફિલ્મો વિશે જણાવીએ. ઓટીટી પર ઉપલબ્ધ આ ફિલ્મો અને વેબ સીરીઝ તમારી રાતોની ઊંઘ ઉડાડી દેશે. આ ફિલ્મો અને વેબ સીરીઝ જોવા માટે તમને ખરેખર હિંમત ની જરૂર પડશે. આ ફિલ્મો જોયા પછી તમને ઘરમાં એકલા રહેવામાં પણ ડર લાગી શકે છે. તો ચાલો તમને જણાવીએ પાંચ બેસ્ટ એવી હોરર ફિલ્મો અને વેબ સીરીઝ વિશે જે ઓટીટી પર ઉપલબ્ધ છે. ચાયપત્તિ : ચાયપત્તિ સુધાંશુ રાયના નિર્દેશનમાં બનેલી એક શોર્ટ ફિલ્મ છે. આ ફિલ્મમાં ત્રણ મિત્રો એક પુસ્તક વાંચીને ભૂત બોલાવે છે અને પછી જે થાય છે તે જોઈને તમારી રાતોની ઊંઘ ઊડી જશે. આ ફિલ્મ તમે દ્વટૅ઼ૠઆીપિર જોઈ શકો છો. ટાઈપ રાઈટર : જો તમને હોરર વેબ સિરીઝ જોવાનો શોખ છે તો નેટફ્લિક્સની આ વેબ સિરીઝ તમારા માટે જ છે. આ વેબસરીઝ જોઈને તમે પણ નવી જગ્યાએ રહેવા જવામાં વિચાર કરશો. આ વેબ સિરીઝ એક પરિવાર પર આધારિત છે જે રજાઓમાં ગોવામાં આવેલી એક હવેલીમાં રહેવા જાય છે. આ હવેલીમાં શું થાય છે તેની તમે કલ્પના પણ ન કરી શકો. પરછાઈ : ઝી ફાઈવ પર આ વેબ સિરીઝ ઉપલબ્ધ છે. જેને દર્શકોએ ખૂબ જ પસંદ કરી છે. આ વેબી સીરીઝમાં તમને અલગ અલગ ૧૨ સ્ટોરી જોવા મળશે. ભ્રમ : બોલીવુડની પ્રખ્યાત અભિનેત્રી કલ્કી કોચલીનની આ વેબ સિરીઝ બ્રહ્મ હોલીવુડની હોરર ફિલ્મોને પણ ટક્કર મારે તેવી છે. આ વેબ સિરીઝ પણ ઝીપ પર ઉપલબ્ધ છે. ફુંક : ફુંક પણ સૌથી ખતરનાક ફિલ્મોમાંથી એક છે. આ ફિલ્મ યુટ્યુબ પર એકદમ ફ્રી માં જોઈ શકાય છે.

### જીતનરામ માંઝીનો નીતિશ પર કટાક્ષ

## અમે સરકાર બચાવીને સીએમ બનાવવાનું અહેસાન ચૂકવી દીધું

। (એજન્સી) પટના, તા.૨૪ ।

બિહારમાં એનડીએ સરકારની રચના બાદ બહુમત પરીક્ષણ દરમિયાન હિન્દુસ્તાન આવામ મોર્ચા (હમ) ના અધ્યક્ષ જીતનરામ માંઝીની પાર્ટી બદલવાની અટકળો લગાવાઈ રહી હતી પરંતુ તેઓ એનડીએની સાથે રહ્યા. હવે આ મુદ્દે માંઝીએ એક કાર્યક્રમમાં નીતીશનું નામ લેતા મોટુ નિવેદન આપ્યુ છે. જીતનરામ માંઝીએ કાર્યક્રમ દરમિયાન નીતીશ કુમાર પર કટાક્ષ કરતા કહ્યુ, તમે અમને સીએમ બનાવ્યા હતા અને અમે તમારી સરકાર બચાવી હવે સરકાર બચાવીને અહેસાન ચૂકવી દીધુ છે. પૂર્વ સીએમ માંઝીએ કહ્યુ, બીજાના ચક્કરમાં પડીને મને બહાર કરી દેવાયો હતો. ૧૨૨ વોટ જોઈતા હતા બિહાર એસેમ્બલીમાં સરકાર બનાવવા માટે અત્યારે ૧૨૫ વોટ આવ્યા અને તેમાંથી ૪ વોટ અમારા હતા, જો આ ૪ વોટ હટી જાત તો ૧૨૧ વોટ જ તેમની પાસે હોત. અમે સાથ આપ્યો, જો સાથ ન આપત તો નીતીશજીની સરકાર પડી જાત. મને સીએમ બનાવ્યો હતો તેમણે તો હવે હુ કહી શકુ કે મે પણ મારુ અહેસાન ચૂકવી દીધુ છે. નીતીશ કુમાર જ્યારે મહાગઠબંધનમાં સામેલ હતા તો વિધાનસભામાં માંઝીને લઈને ખૂબ નારાજ થઈ ગયા હતા.

### ખેડૂતો દિલ્હીની બોર્ડર પર આંદોલન કરી રહ્યા છે

## દિલ્હીથી જોડાયેલી બોર્ડર ખુલી, ટિકરી-કુંડલીથી બેરિકેડ હટાવાયા

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતો દિલ્હીની બોર્ડર પર આંદોલન કરી રહ્યા છે અને દિલ્હી તરફ કૂચ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જોકે હવે આ આંદોલનને લઈને ૧૨માં દિવસે રાહતના સમાચાર આવ્યા છે. દિલ્હીથી જોડાયેલી બોર્ડર ખુલવા લાગી છે. ટિકરી અને કુંડલીથી બેરિકેડ હટાવવામાં આવી રહ્યા છે. સંયુક્ત કિસાન મોર્ચા અને કિસાન મજદૂર મોર્ચા તરફથી ૨૪ ફેબ્રુઆરીની સાંજે શહીદ શુભકરણ સિંહ અને અન્ય ત્રણ શહીદ ખેડૂતોની સ્મૃતિમાં કેન્ડલ માર્ચ આયોજિત કરાશે. ૨૫ ફેબ્રુઆરીએ શંભૂ અને ખનૌરી બોર્ડર પર દેશભરના ખેડૂતોને જાગરૂક કરાશે.

ખેડૂતોની દિલ્હી કૂચના આહ્વાન બાદ ૧૩ ફેબ્રુઆરીએ બંધ કરાયેલા નેશનલ હાઈવે-૪૪ના સર્વિસ રોડને દિલ્હીની બોર્ડરથી પોલીસે ખોલવાનું શરૂ કરી દીધું છે. દિલ્હી પોલીસ સર્વિસ રોડ પર ચારેય લેનને ખોલી રહી છે. જેના ખુલવાથી દિલ્હી અવરજવરમાં ઘણી મદદ મળી શકશે. કુંડલી વિસ્તારના ઉદ્યોગપતિ, દુકાનદાર, વેપારીઓની સાથે આસપાસના લોકો પણ લાંબા સમયથી રોડને ખોલવાની માંગ કરી રહ્યા હતા. સર્વિસ રોડ ખોલવાથી વાહન ચાલકોને ઘણી રાહત મળી શકશે.

બહાદુરગઢમાં ટીકરી બોર્ડર ખુલવા લાગી છે. બોર્ડરથી બેરિકેડ હટાવાઈ રહ્યા છે. ૬ માંથી ૫ લેયરની બેરિકેડિંગ હટાવાઈ છે, જોકે કોંક્રીટની દિવાલ હટાવવાની બાકી છે. ત્યારે, બહાદુરગઢમાં સેક્ટર ૯ મોડથી બેરિકેડિંગ નહીં હટાવવામાં આવે.

શુક્રવારે ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલે વીડિયો જાહેર કરીને નવયુવાનોને શાંત રહેવાની અપીલ કરી હી. ડલ્લેવાલે કહ્યું કે, કેટલીક તાકાતો નવયુવાનોને ઉકસાવીને શાંતિપૂર્ણ રીતે ચાલી રહેલ કિસાન આંદોલનને હુલ્લડબાજીનું રૂપ આપવા માંગે છે, પરંતુ નવયુવાનોએ તેની ઉશ્કેરણીમાં ન આવીને શાંત રહેવાનું છે.

કિસાન નેતા સરવણ સિંહે આરોપ લગાવ્યો કે, હરિયાણા પોલીસ ત્યાં ખેડૂતોના ઘરેમાં જઈને મહિલાઓની ધમકીઓ આપી રહી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે, કેન્દ્ર સરકાર ખેડૂત આંદોલનમાં વિઘ્ન ઉભુ કરવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે, પરતુ કેન્દ્ર આ ભ્રમમાં ન રહે કે તેઓ દબાણ લગાવીને આંદોલન રોકી લેશે. આંદોલન અટક્યું નથી. ટુંક સમયમાં જ બેઠક કરીને આગળની રણનીતિ પર નિર્ણય લેવાશે.

## એન્ડ્રોઈડ ફોન પર કાર્ય કરી શકે એવો એપ સ્ટોર ઈન્ડસ લોન્ચ

### આ વર્ષના અંત સુધીમાં મોટાભાગની કંપનીઓના નવા ફોનમાં આ ઈન્ડસ એપ્લીકેશન સામેલ થઈ જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દેશની ૧૨ ભાષાઓમાં મોબાઈલ એપની વિગતો અને તે શું કામગીરી કરે છે તેના વર્ણન સાથે, વોઈસ અને વીડિયોથી સર્ચ કરી શકાય એ પ્રકારની સવલત સાથે સંપૂર્ણ ભારતીય એવો એપ સ્ટોર 'ઈન્ડસ' આજે લોન્ચ થયો છે. અત્યારે વિશ્વમાં એપલનાં ફોન ઉપર એપ સ્ટોર અને એન્ડ્રોઈડ ઉપર ગૂગલ એપ સ્ટોરનો દબદબો છે તેને વોલમાર્ટની માલિકીની ફીનટેક કંપની ફોન પે એ પડકાર ફેંક્યો છે.




જોકે, માત્ર એન્ડ્રોઈડ ફોન ઉપર જ કાર્ય કરી શકે એવો આ એપ સ્ટોર અત્યારે ગ્રાહકોએ કંપનીની વેબસાઈટ ઉપરથી સીધો ડાઉનલોડ કરવો પડશે, પરંતુ આ વર્ષના અંત સુધીમાં મોટાભાગની કંપનીઓના નવા ફોનમાં તે સામેલ થઈ જશે, પ્રી લોડેડ આવશે એવો વિશ્વાસ કંપનીના રાઉન્ડર સમીર નિગમે વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "મોટાભાગની ટોચની એન્ડ્રોઈડ ફોન બનાવતી કંપની સાથે અમારી વાતચીત ચાલી રહી છે. ડિસેમ્બર સુધીમાં આ કંપનીઓના ફોન સાથે અમારો ઈન્ડસ એપ સ્ટોર પણ ઉપલબ્ધ થઈ જશે."

નવી દિલ્હીના પ્રગતિ મેદાનમાં ભારત મંડપમ ખાતે કેન્દ્રના રેલવે, સંચાર અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે આ એપ સ્ટોરનું લોન્ચિંગ કર્યું હતું. મંત્રી જણાવ્યું હતું કે, "૧૫ વર્ષ પહેલાં ટેકનોલોજીની દુનિયામાં ભારત એવા દેશ તરીકે હતું જે જૂની થયેલી ટેકનોલોજીની બજાર હતી. "હવે ભારત ટેકનોલોજીના રિસર્ચ અને ડેવલપમેન્ટ માં કોઈ દેશથી પાછળ નથી અને દુનિયાની કંપનીઓ ભારતને સહભાગીદાર તરીકે સાથે લઈ ચાલી રહી છે."

ભારતમાં અત્યારે ૭૫ કરોડ લોકો સ્માર્ટ ફોન સાથે જોડાયેલા છે અને બહુ મોટુ બજાર છે. ભારત વિશ્વની અન્ય બજાર કરતા ભાષા, સંસ્કૃતિ અને વ્યવહારની દ્રષ્ટિએ અલગ છે, બીજું, માત્ર બે કંપનીઓના ઈજરાના બદલે સ્પર્ધા વધે તો એપ ડેવલપર અને એપ પબ્લિશર્સને પણ ઈનોવેશન માટે તક મળે એટલે સંપૂર્ણ ભારતીય એપ સ્ટોર પાછળ ૧૦ વર્ષથી કામગીરી ચાલી રહી હતી. લોન્ચિંગ સમયે ઈન્ડસ એપ સ્ટોર કઈ રીતે ભારતીયોને ધ્યાનમાં રાખી બનાવવામાં આવ્યો છે તે અંગે વિગતો આપતા સમીર નિગમે જણાવ્યું હતું કે, "૯૦ ટકા ભારતીયો પોતાની માતૃભાષામાં કામ કરવા ટેવાયેલા છે. ઈન્ટરનેટ ઉપર સર્ચ પણ પોતાની ભાષામાં કરે છે. જેના કારણે તેમાં હાલ ગુજરાતી, હિન્દી, તમિલ, બંગાળી સહિત ૧૨ ભાષા સામેલ કરી છે. બીજુ, માત્ર મોબાઈલ નંબરના આધારે તેમાં રજિસ્ટ્રેશન કરી શકાય છે. અન્ય એપ સ્ટોરમાં ઈ મેઈલ ફરજિયાત છે. દરેક ભારતીયો પાસે ફોન છે પણ ઈમેલ નથી હોતા એટલે કોઈ બીજી વ્યક્તિના નામે તેના એપ સ્ટોરનો ઉપયોગ થાય છે."

અત્યારે એપ સ્ટોરમાં બે લાખ જેટલી એપ વિવિધ ૪૫ કેટેગરીમાં ઉપલબ્ધ છે. નવા એપ ડેવલપર ઈન્ડસ સાથે જોડાય તેના માટે કંપની એક વર્ષ સુધી ડેવલપર પાસેથી કોઈ ફી વસુલશે નહિ. આ ઉપરાંત, એપ ડેવલપમેન્ટ માટે ૨૪ કલાક મદદ, ટેક મોડ્યુલ પણ પૂરા પાડવામાં આવશે. કંપનીએ લોન્ચિંગ વખતે જણાવ્યું હતું કે એપ લિસ્ટીંગ માટે આવે ત્યારે કંપની પોતાના સોફટવેરની મદદથી જરૂર હોય તો બધી ૧૨ ભાષામાં લિસ્ટીંગ કરવાની સગવડ આપે છે, ડેવલપરે આ માટે વિગતો ટ્રાન્સલેટ કરવાની જરૂર નથી. અત્યારે એપ સ્ટોરમાં બે લાખ જેટલી એપ વિવિધ ૪૫ કેટેગરીમાં ઉપલબ્ધ છે. નવા એપ ડેવલપર ઈન્ડસ સાથે જોડાય તેના માટે કંપની એક વર્ષ સુધી ડેવલપર પાસેથી કોઈ ફી વસુલશે નહિ. આ ઉપરાંત, એપ ડેવલપમેન્ટ માટે ૨૪ કલાક મદદ, ટેક મોડ્યુલ પણ પૂરા પાડવામાં આવશે. કંપનીએ લોન્ચિંગ વખતે જણાવ્યું હતું કે એપ લિસ્ટીંગ માટે આવે ત્યારે કંપની પોતાના સોફટવેરની મદદથી જરૂર હોય તો બધી ૧૨ ભાષામાં લિસ્ટીંગ કરવાની સગવડ આપે છે, ડેવલપરે આ માટે વિગતો ટ્રાન્સલેટ કરવાની જરૂર નથી.

## પત્નીના નામે ખરીદાયેલી સંપત્તિને પારિવારિક સંપત્તિ ગણાશે

। (એજન્સી) અલ્લાહબાદ, તા.૨૪ ।

અલ્લાહાબાદ હાઈકોર્ટે પારિવારિક સંપત્તિ પર ચાલી રહેલા એક વિવાદમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો પતિ દ્વારા પોતાની પત્નીના નામ પર કોઈ સંપત્તિ ખરીદી છે અને તેનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે તો તે સંપત્તિને પારિવારિક સંપત્તિ ગણવામાં આવશે. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં એ પણ સ્પષ્ટ કર્યું છે કે જો મહિલાએ પોતાની કમાણીથી સંપત્તિ ખરીદી છે તો પરિવારના સભ્યોનો તે સંપત્તિ પર અધિકાર રહેશે નહીં, પરંતુ જો મહિલા ગૃહિણી હોય અને તેના નામે સંપત્તિ ખરીદવામાં આવી હોય તો જ અધિકાર ગણાશે.

જસ્ટિસ અરુણ કુમાર સિંહ દેશવાલે પુત્ર દ્વારા તેના સ્વર્ગસ્થ પિતાની સંપત્તિમાં સહ-માલિકીના દાવા અંગે દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરતા કહ્યું હતું કે 'કોર્ટ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૪ હેઠળ એવું કહી શકે છે કે હિંદુ પતિએતેમની પત્નીના નામે જે સંપત્તિ ખરીદી છે તે પારિવારિક સંપત્તિ હશે, કારણ કે સામાન્ય સંજોગોમાં પતિ પોતાના પરિવારના હિતમાં ઘરને સંભાળનાર પત્નીના નામ પર સંપત્તિ ખરીદે છે કે જેની પાસે આવકનો કોઈ સ્વતંત્ર સ્ત્રોત હોતો નથી.'

આ ઉપરાંત કોર્ટે વધુમાં કહ્યું હતું કે 'જ્યાં સુધી એ સાબિત ન થાય કે પત્નીની આવકમાંથી કોઈ ચોક્કસ સંપત્તિ ખરીદવામાં આવી છે, ત્યાં સુધી તે સંપત્તિ પતિની આવકમાંથી ખરીદવામાં આવી હોવાનું માનવામાં આવે છે. અપીલકર્તા સૌરભ ગુપ્તાએ તેમના પિતાએ ખરીદેલી સંપત્તિના ચોથા ભાગના સહ-માલિકનો દરજ્જો આપવાની માગણી કરી હતી. તેમની અરજી દલીલ એવી હતી કે સંપત્તિ તેના સ્વર્ગસ્થ પિતા દ્વારા ખરીદવામાં આવી હોવાથી તે તેમની માતા સાથે તેમાં સહભાગી છે. આ દાવામાં સૌરભ ગુપ્તાની માતા પ્રતિવાદી છે. સૌરભ ગુપ્તાએ સંપત્તિને કોઈપણ ત્રીજા પક્ષને ટ્રાન્સફર કરવા સામે સ્ટે માંગતી અરજી દાખલ કરી હતી.

### ભારત-ઈંગ્લેન્ડ ચોથી ટેસ્ટ, બીજો દિવસ

## શોએબ બશીરના સ્પિન સામે ભારત ઘૂંટણીયે, ૭ વિકેટે ૨૧૯

। (એજન્સી) રાંચી, તા.૨૪ ।

શોએબ બશીરે ભારતની ચાર વિકેટ ઝડપીને મુશ્કેલીમાં મૂકી દીધું હતું. ઈંગ્લેન્ડ ચોથી ટેસ્ટના બીજા દિવસનો અંત હજુ ૧૩૪ રન આગળ છે અને રાંચીની બગડતી પિચ પર પ્રથમ દાવની નિર્ણાયક લીડ મેળવવા માટે ટીમને માત્ર ત્રણ વિકેટની જરૂર છે. ભારતે તેની પ્રથમ ઈનિંગ્સમાં સાત વિકેટ ગુમાવીને ૨૧૯ રન બનાવી લીધા છે. ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ્સ ૩૫૩ રનમાં સમેટાઈ હતી. વિશાખાપટ્ટનમમાં પદાર્પણ કર્યા બાદ માત્ર બીજી ટેસ્ટ રમી રહેલા ૨૦ વર્ષીય ઓફ સ્પિનર બશીરે સમગ્ર મધ્ય સત્રમાં ૩૧ ઓવરના મેરેથોન અતૂટ સ્પેલ દરમિયાન ૮૪ રનમાં ૪ વિકેટ ઝડપી હતી. તેના શિકારમાં ઓપનર યશસ્વી જયસ્વાલની વિકેટનો સમાવેશ થાય છે, જેની અડધી સદી ભારતનો એકમાત્ર સ્કોર હતો. દિવસની રમત પૂરી થઈ ત્યારે ધ્રુવ જુરેલ ૩૦ રને અને કુલદીપ યાદવ ૧૭ રને રમતમાં હતા. જેમ્સ એન્ડરસને ભારતની પ્રથમ ઈનિંગની ત્રીજી ઓવરમાં માત્ર ૨ રન બનાવીને રોહિત શર્માને કેચ આઉટ કરાવ્યો હતો.

જયસ્વાલ અને શુભમન ગીલ લંચ પછી તેમના ગેપ શોધીને શોટ ફટકારવા લાગ્યા હતા. ગિલે એન્ડરસનની એક ઓવરમાં બે ચોગ્ગા સાથે ૫૦ રનની ભાગીદારી કરી તે પહેલા જયસ્વાલે મિડ-ઓન પર બશીરને સિક્સર ફટકારી હતી. રેહાન અહેમદની જગ્યાએ બશીર ત્રીજી ટેસ્ટમાં ગુમાવ્યા પછી ઈંગ્લેન્ડની ટીમમાં પાછો ફર્યો અને તેની વિકેટની સંખ્યા બમણી કરી, તેના તાજેતરના પ્રયાસોએ ઈંગ્લેન્ડને ત્રણ દિવસ બાકી રહેતાં શ્રેણી ૨-૨થી બરાબર કરવાની સ્થિતિમાં મૂક્યું. જયસ્વાલ સાથે ૮૨ રનની ભાગીદારી પછી તેણે ગિલને એલબીડબલ્યુ કર્યો હતો, જેણે ભારતને ૧ વિકેટે ૪ રનથી ૨ વિકેટે ૮૬ રને પહોંચાડવામાં યોગદાન આપ્યું હતું.તે પછી તેણે રજત પાટીદારને પેડ પર રેપ કર્યો જે ઓફ સ્ટમ્પની બહારથી અંદર આવતા બોલ પર એલબીડબલ્યુ થયો.

## યશસ્વી ટેસ્ટમાં ભારત માટે સૌથી વધુ રન બનાવનારો ત્રીજો ડાબોડી બેટર

। (એજન્સી) રાંચી, તા.૨૪ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝની ચોથી ટેસ્ટ મેચ રાંચીમાં રમાઈ રહી છે. આ ટેસ્ટ મેચના બીજા દિવસે યશસ્વી જયસ્વાલે ભારતની પ્રથમ ઈનિંગમાં ફિફ્ટી ફટકારી. આ સાથે જયસ્વાલે એક ખાસ સિદ્ધિ મેળવી લીધી છે. યશસ્વી જયસ્વાલે ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી અને ગૌતમ ગંભીરનો રેકોર્ડ તોડી દીધો છે. તે ભારત માટે ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન બનાવનાર ડાબોડી બેટર બની ગયો છે. યશસ્વી જયસ્વાલ ભારતીય ક્રિકેટ ટીમ માટે ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન બનાવનાર ડાબોડી બેટર બની ગયો છે. તેણે આ મામલે ગંભીર અને ગાંગુલીને પાછળ છોડી દીધા છે. યશસ્વીએ અત્યાર સુધી ૪ ટેસ્ટ મેચની ૭ ઈનિંગ્સમાં ૫૯૯ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે બે બેવડી સદી પણ ફટકારી છે. યશસ્વીએ રાજકોટ અને વિશાખાપટ્ટનમ ટેસ્ટમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. સૌરવ ગાંગુલીએ વર્ષ ૨૦૦૭માં પાકિસ્તાન સામે ૫૩૪ રન બનાવ્યા હતા. યશસ્વી પહેલા તે સૌથી વધુ રન બનાવવાના મામલે ટોપ પર હતો. પરંતુ હવે તે બીજા નંબર પર આવી ગયો છે. ત્રીજા નંબર પર ગૌતમ ગંભીર છે. ગંભીરે વર્ષ ૨૦૦૮માં ઓસ્ટ્રેલિયા સામે ૪૬૩ રન બનાવ્યા હતા. તેણે વર્ષ ૨૦૦૯માં ન્યૂઝીલેન્ડ સામે ૪૪૫ રન બનાવ્યા હતા.

**વિશેષ** — વિશ્વભરની ઘણી યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સંસ્કૃતને સૌથી જૂની ભાષા માનવામાં આવે છે

# વિશ્વમાં કેટલી ભાષા છે તેનો ચોક્કસ જવાબ શક્ય નથી, વિશ્વની સૌથી પ્રાચીન ભાષા ભારતની સંસ્કૃત ભાષા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

વિશ્વમાં કેટલી ભાષાઓ છે તેનો ચોક્કસ જવાબ આપવો શક્ય નથી. એક અંદાજ મુજબ, વિશ્વમાં ભાષાઓની કુલ સંખ્યા અંદાજે ૬૮૦૯ છે, જેમાંથી ૯૦ ટકા ભાષાઓ બોલનારાઓની સંખ્યા ૧ લાખથી ઓછી છે. લગભગ ૨૦૦ થી ૧૫૦ ભાષાઓ છે જે ૧૦ લાખથી વધુ લોકો બોલે છે. લગભગ ૩૫૭ ભાષાઓ છે જે ફક્ત ૫૦ લોકો જ બોલે છે. એટલું જ નહીં, એવી ૪૬ ભાષાઓ પણ છે જેમના બોલનારાઓની સંખ્યા માત્ર ૧ છે. તો આજે દુનિયાની સૌથી જૂની ૧૦ ભાષાઓ વિષે જાણીશું. સંસ્કૃત એ પ્રાચીન ભારતીય ભાષા છે. સંસ્કૃત ભાષા ઈસુના જન્મના ૫૦૦૦ વર્ષ પહેલા બોલાતી હતી. વિશ્વભરની ઘણી યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સંસ્કૃતને સૌથી જૂની ભાષા માને છે. સંસ્કૃત ભાષા વિશ્વની સૌથી જૂની ભાષા છે. અત્યારે સંસ્કૃતનો ઉપયોગ વાતચીતમાં ભાગ્યે જ થાય છે, પરંતુ આજે પણ આ ભાષાનો ઉપયોગ પૂજા અને કર્મકાંડમાં થાય છે.

તમિલ ભાષા પણ વિશ્વની સૌથી જૂની ભાષાઓ માંથી એક છે, તે દ્રવિડ પરિવારની સૌથી જૂની ભાષા છે. તમિલ ભાષાને સંસ્કૃત ભાષા કરતાં પણ જૂની ગણવામાં આવે છે. લગભગ ૫,૦૦૦ વર્ષ પહેલા તેનો ઉપયોગ થતો હતો. એક સર્વે મુજબ, દરરોજ ૧૮૬૩ અખબારો તમિલ ભાષામાં પ્રકાશિત થાય છે અને હાલમાં તમિલ ભાષા બોલનારાઓની સંખ્યા લગભગ ૮ કરોડ છે. તેમજ હાલમાં તમિલ





માત્ર ભારત, શ્રીલંકા, સિંગાપોર અને મલેશિયામાં બોલાય છે.

લેટિન એ પ્રાચીન રોમન સામ્રાજ્યની સત્તાવાર ભાષા હતી. સંસ્કૃતની જેમ આ ભાષા પણ શાસ્ત્રીય ભાષા છે. તેમાંથી ફ્રેન્ચ, ઈટાલિયન, સ્પેનિશ, રોમાનિયન, પોર્ટુગીઝ અને આજની સૌથી લોકપ્રિય ભાષા અંગ્રેજીની ઉત્પત્તિ થઈ છે. હાલમાં તે રોમન કેથોલિક ચર્ચની ધાર્મિક ભાષા અને વેટિકન સિટીની સત્તાવાર ભાષા છે. યુરોપમાં ખ્રિસ્તી ધર્મના વર્ચસ્વને કારણે, લેટિન એ મધ્યકાલીન અને પ્રારંભિક આધુનિક સમયગાળામાં લગભગ સમગ્ર યુરોપની આંતરરાષ્ટ્રીય ભાષા હતી.

ઈજિપ્તીયન સંસ્કૃતિને વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક ગણવામાં આવે છે. ઈજિપ્ત ભાષા આફ્રો-એશિયન ભાષાકીય પરિવારની છે. આ ભાષા ૩૪૦૦ બીસીની આસપાસ બોલાતી હતી. જો કે, આજે માત્ર મુઠ્ઠીભર લોકો જ આ ભાષા વાપરે છે.

હિબ્રુ ભાષા લગભગ ૩૦૦૦ વર્ષ જૂની છે. તે યહૂદીઓની પ્રચલિત ભાષા હતી, હાલમાં તે ઈઝરાયેલની સત્તાવાર ભાષા છે. ઈઝરાયલી લોકોના કારણે તે લુપ્ત થતી બચી ગઈ છે. યહૂદી સમુદાય દ્વારા તેને 'પવિત્ર ભાષા' તરીકે ગણવામાં આવે છે તેમજ તેમાં બાઈબલનો જૂનો નિયમ લખાયેલો છે. ભાષા હિબ્રુ લિપિમાં લખવામાં આવે છે. ગ્રીક ભાષા એ યુરોપની સૌથી જૂની ભાષા છે, જે ૧૪૫૦ બીસી પહેલા બોલાતી હતી. ગ્રીક ભાષા ગ્રીસ, અલ્બેનિયા અને સાયપ્રસમાં બોલાતી હતી. ૧૫ મિલિયનથી વધુ લોકોએ આ ભાષાનો ઉપયોગ કરતા હતા. હાલમાં, ગ્રીક ભાષા બોલતા લોકો ગ્રીસ, અલ્બેનિયા અને સાયપ્રસ તેમજ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં જોવા મળે છે.

ચીની ભાષા વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા છે. આ ભાષા ચીન અને પૂર્વ એશિયાના દેશોમાં બોલાય છે. ચાઈનીઝ ભાષા ચીન-તિબેટીયન ભાષા પરિવારમાંથી આવે છે, જે વાસ્તવમાં ઘણી ભાષાઓ અને બોલીઓનો સમૂહ છે. પ્રમાણભૂત ચાઈનીઝ વાસ્તવમાં "મેન્ડરિન" તરીકે ઓળખાતી ભાષા છે. આ ભાષા ખ્રિસ્તના આગમન કરતાં લગભગ ૧૨૦૦ વર્ષ જૂની છે. હાલમાં, લગભગ ૧.૨ અબજ લોકો ચાઈનીઝ ભાષા બોલે છે.

આજે અરેમિક ભાષા હિબ્રુ અને અરબી ભાષાઓમાં ભળી ગઈ છે. તે સામાન્ય રીતે બાઈબલની ભાષા તરીકે ઓળખાય છે. વિદ્વાનો માને છે કે આ ભાષા ભગવાન ઈસુ અને તેમના શિષ્યો દ્વારા બોલાતી ભાષા છે. જો કે હવે આ ભાષા લુપ્ત થવાની આરે છે કારણ કે તે બોલતા મોટાભાગના લોકો નિવૃત્તિની ઉંમરના છે. આજે પણ આ ભાષા ઈરાક, ઈરાન, સીરિયા, ઈઝરાયેલ અને લેબનોનમાં માત્ર થોડા લોકો જ બોલે છે.

આર્મેનિયન ભાષા, જે ઈન્ડો-યુરોપિયન ભાષાકીય જૂથનો પણ એક ભાગ છે, તે આર્મેનિયન લોકો દ્વારા બોલવામાં આવે છે. પાંચમી સદીમાં લખાયેલ બાઈબલ તેનું સૌથી જૂનું અસ્તિત્વમાંનું સ્વરૂપ છે. આર્મેનિયન ભાષાની ઉત્પત્તિ ૪૫૦ બીસીમાં થઈ હતી. અત્યારે લગભગ ૫ ટકા લોકો આ ભાષા બોલે છે.

આ ભાષા મેસોપોટેમીયા અને કાકેશસની મધ્ય ખીણો અને કાળા સમુદ્રના દક્ષિણ-પૂર્વીય પ્રદેશમાં બોલાય છે. આ પ્રદેશ આર્મેનિયન જ્યોર્જિયા અને અઝરબૈજાન (ઉત્તર-પશ્ચિમ ઈરાન) માં આવે છે. તે આર્મેનિયા પ્રજાસત્તાકની સત્તાવાર ભાષા છે.

કોરિયન ભાષા લગભગ ૬૦૦ બીસીથી બોલાય છે. હાલમાં લગભગ ૮ કરોડ લોકો કોરિયન ભાષા બોલે છે. આ ભાષાની લિપિ હંગુલ છે. પ્રાચીન સમયમાં, ચાઈનીઝ લોકો કોરિયામાં સ્થાયી થયા હતા, તેથી કોરિયન ભાષા ચાઈનીઝ ભાષાથી ખૂબ પ્રભાવિત છે.

### અદ્યતન ટેકનોલોજી અને સુવિધા સાથેની એક બસની કિંમત ૧.૬૮ કરોડ રૂપિયા : બસમાં સીસીટીવી પણ છે

# સુરતના રસ્તાઓ પર ઇલેક્ટ્રિક સીટી અને BRTS બસો ફરશે



। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરત શહેરમાં બનતી અકસ્માતની ઘટનાઓને અટકાવવા અને પર્યાવરણની જાળવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા આજથી અનોખી શરૂઆત કરવામાં આવી છે. શહેરના રસ્તાઓ પર ૫૦ જેટલી ઈલેક્ટ્રિક બસો દોડાવવાની શરૂઆત કરવામાં આવી છે. અદ્યતન ટેકનોલોજી અને સુવિધા સાથેની એક બસની કિંમત ૧.૬૮ કરોડ રૂપિયાની છે. જે બસમાં આગળ અને પાછળ બંને બાજુએ CCTV કેમેરા પણ લગાડવામાં આવ્યા છે. આ ઉપરાંત, બસમાં કેટલા મુસાફરોની સંખ્યા છે, તેના પર નજર રાખવા માટે ૩૬૦ ડિગ્રીના કેમેરા પણ રાખવામાં આવ્યા છે. આ સાથે અન્ય સુવિધાઓનો પણ બસમાં સમાવેશ કરાયો છે. જેમાં ૩૫ જેટલી બસો ONGC થી સરથાણા અને ૧૫ જેટલી બસો ઉધનાથી સચિન રૂટ પણ દોડાવવા માટેની જાહેરાત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, સુરત શહેરમાં પાલિકા દ્વારા સીટી અને BRTS બસો દોડાવવામાં આવી રહી છે. જેમાં ૬૦૦ થી વધુ સીટી બસ અને ૭૦૦ જેટલી BRTS બસોનો સમાવેશ થાય છે. જો કે પર્યાવરણની જાળવણીની સાથે સાથે શહેરમાં ભૂતકાળમાં BRTS અને સીટી બસ અડફેટે બનેલી અકસ્માત જેવી ઘટનાઓને અટકાવવા પાલિકા દ્વારા અદ્યતન ટેકનોલોજી અને સુવિધા સાથેની ૧૫૦ ઈલેક્ટ્રિક બસ દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં પ્રારંભિક તબક્કે ૫૦ જેટલી બસોનો પ્રારંભ આજથી ભેસ્તાન ડેપો ખાતેથી કરવામાં આવ્યો છે. જે બસનું ટ્રાયલ પ ાલિકાના ટ્રાન્સપોર્ટ કમિટીના ચેરમેન સોમનાથ મરાઠે દ્વારા લેવામાં આવ્યું છેકંપની દ્વારા ૫૦ પૈકી એક બસની કિંમત અંદાજીત ૧.૬૮ કરોડ રૂપિયા બતાવવામાં આવી છે. જે બસમાં ટેકનોલોજીનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બસની અંદર અલગ અલગ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેવી કે, સીસીટીવી કેમેરા, ૩૬૦ ડિગ્રી કેમેરા, પેસેન્જર કાઉન્ટ ફેસિલિટી, પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ, પેસેન્જર ઈમરજન્સી બટન, ફાયર સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. અકસ્માતની ઘટના સમયે ચાલક પોતાની જવાબદારીમાંથી છટકી ન જાય તે માટે ડ્રાયવર સીટ પર ખાસ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. તેવી ન રીતે બસની આગળ અને પાછળ બંને સાઈડના એરિયા કવર કરી શકે તે માટેના હાઈ-ડેફીનેશન કેમેરામાં પણ બસમાં લગાડવામાં આવ્યા છે, જેથી બસની આગળના તમામ દ્રશ્યો પણ સીસીટીવી કેમેરાથી જોઈ શકાય છે. બસમાં સવાર મુસાફરોએ બસ સ્ટોપ આવી ગયું હોય અને ઉતરવું હોય તો તેના માટે પેસેન્જર સીટ પર જ સ્ટોપ બટનની સુવિધા આપવામાં આવી છે. જે બટન દબાવતાની સાથે આગળ બેઠેલા ડ્રાયવરને મોટી સ્ક્રીન પર બસ થોભાવવા માટેનો સંદેશ મળી જશે. આ સિવાય ઈમરજન્સી રૂફટોપ, ફાયર ઈક્વિપમેન્ટ સાથેની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. બસ સંપૂર્ણ એસીથી સુવિધાજનક છે.

### મેઘાણીનગરમાં નાસ્તા કરવાની બાબતે હત્યા થઈ હતી

# નજીવી બાબતમાં હત્યા કરનાર બેને આજીવન કેદની સજા થઈ

। અમદાવાદ , તા.૨૪ ।

મેઘાણીનગરમાં નાસ્તો કરવાની સામાન્ય બાબતે યુવકની હત્યા કરનાર રિપુ ઉર્ફે ટમાટર ભગવાનદાસ રહેદાસ અને ચેતન વિરેન્દ્રસિંગ ઉર્ફે બિરેન રહેદાસને એડીશનલ સેશન્સ જજ પ્રકાશ ખુબચંદ ખાનચંદાણીએ ગુનેગાર ઠરાવીને આજીવન કેદની સજા ફટકારી છે.

આરોપી સામેનો ગુનો માનવ શરીર વિરુધ્ધનો અત્યંત ગંભીર હોવાનું કોર્ટે ગંભીર અવલોન કર્યું હતું. આ કેસની વિગતવાર માહિતી એવી છે કે, મેઘાણીનગર વિસ્તારમાં આવેલી ડિફેન્સ કોલોની ગલી પાસે ગત તા.૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ઘનશ્યામ ઉર્ફે બાબા ખુલ્લા મેદાનમાં રિપુ ઉર્ફે ટમાટર તથા અન્ય મિત્રો સાથે બેઠા હતા ત્યારે નાસ્તા કરવાની બાબતે બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી.આ વખતે ચેતન રહેદાસએ ઘનશ્યામને પકડી લીધો હતો અને રિપુ ઉર્ફે ટમાટરએ ચપ્પુ કાઢીનેકોર્ટે બન્ને આરોપીને ગુનેગાર ઠરાવતા નોંધ્યું હતું કે, સમાજમાં દિન પ્રતિદિન આવેશ. ઉશ્કેરાટમાં આવી જઈ પૂર્વ તૈયારી સાથે પ્રાણઘાતક હથિયારો સાથે જાહેરમાં નીકળી સંયમ ગુમાવી નાના એવા અહમના કારણે કયાંક પોતાનું સમાજમાં ગુંડા તરીકે કે તેની સામે કોઈ વ્યકિત અવાજ ન ઉઠાવે તેવી ધાક બેસાડવા માટે એવા અનેક પ્રકારના દુષિત માનસથી આ પ્રકારના ગુનાઓ કરવાનું પ્રમાણ વધતું જાય છે. આરોપીઓ દ્વારા દિવસના અજવાળે બનેલા આવા કેસમાં સજા કરવામાં ન આવે તો તે સમાજમાં કાનૂન અને વ્યવસ્થાની નિષ્ફળતા કહેવાય.

## ST નિગમમાં કરાર આધારિત ભરતીની જાહેરાત કરાઇ



। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ નિવૃત્ત કર્મચારીઓની ૧૧ માસના કોન્ટ્રાક્ટ પર ભરતી કરશે, ઘટ પૂર્ણ કરવા માટે ચાલુ વર્ષે ૩ હજાર ડ્રાઈવરોની ભરતી કરવાનો નિર્ણય એસ ટી નિગમમાં નવા સ્ટાફની ભરતીને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ નિવૃત્ત કર્મચારીઓની ૧૧ માસના કોન્ટ્રાક્ટ પર ભરતી કરશે. અત્રે જણાવીએ કે, ઘટ પૂર્ણ કરવા માટે ચાલુ વર્ષે ૩ હજાર ડ્રાઈવરોની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.એસ ટી વિભાગમાં હજુ ભરતી પ્રક્રિયા બાકી છે, ત્યાં સુધી નિવૃત્ત કર્મીઓની ભરતીની જાહેરાત કરવામાં આવશે. ૧ ફેબ્રુઆરીએ ડ્રાઈવરની ૧૬ હજાર ૩૦૬ જગ્યા મંજૂર કરાઈ છે. હાલમાં ૨૪૦૬ ડ્રાઈવર અને ૨૪૫૮ કંડક્ટરની ઘટ છે રાજ્યનાં વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભામાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪ નાં અંત સુધીમાં ગુજરાત સરકારનાં વાહન વ્યવહાર વિભાગમાં ડ્રાઈવર, કંડક્ટક, મિકેનિક સહિતનાં કર્મચારીઓ સહિત ૧૧ હજાર કરતા વધારે કર્મચારીઓની ભરતી કરાશે. તેમજ ચાલુ વર્ષેનાં અંત સુધીમાં સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે.

### અમીરગઢમાં યુવકની હત્યાનો મામલો

# બાઇક સવાર પર હુમલો કરી મોત નિપજાવનાર હત્યારો ઝડપાયો

। (એજન્સી) અમીરગઢ, તા.૨૪ ।

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ વિસ્તારમાં એક ગત સપ્તાહે એક યુવકની હત્યાના મામલે પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. ત્રણ અજાણ્યા શખ્શોએ હુમલો કરીને બાઈક સવાર યુવકનું મોત નિપજાવ્યુ હતુ. ઘટનાને લઈ અમીરગઢ પોલીસે તપાસ હાથ ધરતા ૨ કિશોર અને ૧ યુવકને ઝડપી લીધા છે. અમીરગઢ વિસ્તારમાં ગત સપ્તાહે એક યુવકની હત્યાની ઘટના બની હતી. બાઈક સવાર બે યુવકે આંખમાં જીવડું પડવાને લઈ રોડની સાઈડમાં ઉભા રહ્યા હતા. આ દરમિયાન ત્રણ શખ્શોએ તેમની પર હુમલો કર્યો હતો. રિક્ષામાં આવેલા ત્રણેય શખ્શોએ બોલચાલ કર્યા બાદ હુમલો કરીને બેરહેમ માર માર્યો હતો. જેમાં બાઈક સવાર યુવકનુ મોત નિપજ્યુ હતુ. ઘટના અંગે અમીરગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જેની પોલીસે તપાસ શરુ કરી હતી. આ દરમિયાન પોલીસે હત્યારાઓનુ પગેરું શોધતા હત્યાનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસે ત્રણેય આરોપીઓ સુધી પહોંચી ધરપકડની કાર્યવાહી કરી હતી. જોકે ૨ આરોપીઓ સગીર હોવાનું સામે આવ્યુ હતુ. ધનપુરા નજીક એક બાઈક ચાલકને આંખમાં જીવડું પડવાને લઈ બાઈક રોડ સાઈડમાં ઉભુ કર્યુ હતુ. બાઈક પર સાયબા મુગળાભાઈ



અંગારી અને ભાવેશ વજાભાઈ માણસા પસાર થઈ રહ્યા હતા. બંને અમીરગઢના ગાંજી ગામના રહેવાસી હતા અને રાત્રી દરમિયાન પોતાના ઘરે જઈ રહ્યા હતા. બાઈક ઉભુ રાખવા દરમિયાન એક રિક્ષામાં ત્રણ શખ્શો આવ્યા હતા અને તેઓએ બોલચાલ કરીને હુમલો કર્યો હતો. લાકડીઓ વડે બેરહેમ માર મારવાને લઈ બંને યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સાયબાભાઈ અને ભાવેશ બંનેને ઈજાઓ પહોંચી હતી અને જેમાં સાયબા અંગારી બેહોશ થઈને સ્થળ પર જ ઢળી પડ્યો હતો. જેને લઈ બૂમાબૂમ મચાવતા સ્થાનિક આસપાસના લોકો દોડી આવ્યા હતા. જ્યારે આરોપીઓ બૂમાબૂમ થતા સ્થળ પરથી હુમલો કરીને ભાગી નિકળ્યા હતા. સારવાર દરમિયાન સાયબા અંગારીએ અંતિમ શ્વાસ લીધા હતા. અમીરગઢ પોલીસે હત્યાનો ગુનો ત્રણેક અજાણ્યા આરોપીઓ સામે નોંધીને તપાસ શરુ કરી હતી.

### ગિરનાર પર ક્યાંય પ્લાસ્ટિક બોટલમાં પાણી નહિ વેચાય

# ગિરનારને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે હાલ અભિયાન શરૂ કરાયું છે

। (એજન્સી) જુનાગઢ, તા.૨૪ ।

ગિરનારને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે હાલ અભિયાન શરૂ કરાયું છે. તેથી ગિરનાર પર ક્યાંય પ્લાસ્ટિક બોટલમાં પાણી નહિ વેચાય. તંત્રના આ નિર્ણયથી મુસાફરોની હાલત કફોડની બની છે. તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ગિરનાર પર્વત પરના વેપારીઓને વોટર-જગ આપવામાં આવ્યા છે, પરંતુ અહીં આવતા પ્રવાસીઓ વોટર-જગમાંથી લૂઝ પાણી પીવા તૈયાર નથી. તો બીજી તરફ, ગિરનાર ચઢવા માટે કોઈ શ્રદ્ધાળુઓ કેટલુ પાણી ઉપાડીને ચઢે. એક તરફ, તંત્રના આ નિર્ણય સામે વેપારીઓ વિરોધમાં ઉતર્યા છે. બીજી તરફ, આરોગ્યને ધ્યાનમાં રાખીને મુસાફરો લુઝ પાણી પીવા તૈયાર થતા નથી. જેથી હાલ ગિરનાર આવી રહેલા શ્રદ્ધાળુઓ પરેશાન થઈ ગયા છે. તંત્ર આ સમસ્યાનો હલ કાઢે એવી વેપારીઓ અને પ્રવાસીઓ માગ કરી હતી. હાલ શ્રદ્ધાળુઓ માટે પીવાના પાણી માટે ગિરનાર સીડીઓ પર પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. ઉપરાંત દુકાનદારોને તંત્ર દ્વારા સીએસઆર અંતર્ગત પાણીના કેરબા પણ આપવામાં આવ્યા છે. પરંતુ તે પૂરતુ નથી. ગિરનારના ૧૦ હજાર પગથિયા ચઢવા હોય તો મુસાફરોને ડગલે ને પગલે પાણીની જરૂર પડશે, તેમાં પણ હવે તો ઉનાળો આવ્યો છે. જો આવામાં કોઈ શ્રદ્ધાળુઓને કંઈ થયુ તો કોની જવાબદારી. કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ પણ ગિરનાર આવતા શ્રદ્ધાળુ યાત્રિકોને પ્લાસ્ટિકની બોટલ કે પ્લાસ્ટિકની અન્ય કોઈપણ ચીજ વસ્તુઓ સાથે ન લાવવા માટે અનુરોધ કર્યો છે. તેમજ પ્લાસ્ટિકના વપરાશથી ગિરનાર, વન્યપ્રાણી અને પર્યાવરણ હાનિ ન પહોંચે તે માટે સહયોગ આપવા પણ અપીલ કરી છે.

### ઉત્તર ભારતમાં ગાજવીજ સાથે વરરસાદની આગાહી

# આગામી બે દિવસ રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે

### ૨૮-૨૯ તારીખમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે, જેની અસર છેક માર્ચ મહિના સુધી રહેવાની શક્યતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યમાં તાપમાન ઘટતા ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હવાની દિશા બદલાતા અચાનક ઠંડીનો પવન ફુંકાયો છે. સામાન્ય કરતા લઘુત્તમ તાપ માનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થયો છે. આગામી બે દિવસ રાજ્યમાં આવી ઠંડીનો ચમકારો યથાવત રહેશે તેવી આગાહી છે. બે દિવસ બાદ તાપમાન વધતા ગરમીની અનુભવ થવાની શક્યતા છે. પરંતુ માંડ ઠંડી જશે, ત્યાં વરસાદની આગાહી છે. દેશમાં ફરી કમોસમી વરસાદની આગાહી આવી ગઈ છે. દેશના કેટલાક રાજ્યોમાં ફરી વરસાદની આગાહી આવી છે. હવામાન વિભાગે ૧૦ થી વધુ રાજ્યોમાં યલો એલર્ટ આપ્યું છે. આ રાજ્યોમાં ભારે વરસાદ અને હિમવર્ષાની આપવામાં આવી ચેતવણી આપવામાં આવી છે. ખાસ કરીને, ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ સાથે કરાં પડવાની સંભાવના છે. તો પૂર્વ ભારતની આસપ ાસનાં વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વર્ષાની સંભાવના છે. ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા થવાની શક્યતા છે. પશ્ચિમ બંગાળ, સિક્કીમ અને અરૂણાચલ પ્રદેશમાં ભારે વરસાદ સાથે કરા પડવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે ૨૪થી ૨૬ ફેબ્રુઆરી સુધી હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. અરૂણાચલ પ્રદેશમાં આજે ભારે વરસાદ પડવાની શક્યતા છે. આસામ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને મેઘાલયમાં હિમવર્ષાની સંભાવના છે. તો કિન્નૌર, લાહોલ સ્પિતિ, શીમલા, ચંબા ને કુલ્લુ વિસ્તારોમાં હિમસ્ખલનની ભીતિ છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહીમાં જણાવ્યુ છે કે, ૨૪, ૨૫ અને ૨૬માં વાદળવાયું આવશે. ૨૮-૨૯ તારીખમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે, જેની અસર છેક માર્ચ મહિના સુધી રહેવાની શક્યતા રહેશે. આ સાથે તેમણે એમ પણ જણાવ્યુ છે કે, માર્ચ મહિનાની ચોથી તારીખથી વધુ ગરમી પડશે. આ ગરમીના કારણે અરબ સાગરનો આવતો ભેજ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કમોસમી વરસાદ થવાની સંભાવના રહેશે. માર્ચના પ્રથમ પ ંદર દિવસ તો મધ્ય ગુજરાતમાં વડોદરા વગેરે ભાગોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીને પાર કરી જવાની શક્યતા રહેશે. અમદાવાદ, ગાંધીનગરમાં પણ ગરમી પડશે.

### વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી જીવન ટૂંકાવ્યુ

# લુણાવાડામા વ્યાજના વિષચક્રમાં ફસાયેલા યુવાને ઝેરી દવા ગટગટાવી

। (એજન્સી) લુણાવાડા, તા.૨૪ ।

મહીસાગરના લુણાવાડામાં ભાતિયારા વસિમ નામના યુવકે વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી જીવન ટૂંકાવવા દવા પીધી હોવાની વિગત મળી છે. વ્યાજખોર હિતેશ જોષી અને કમલેશ તેલી વિરૂદ્ધ લુણાવાડા પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મહીસાગરના લુણાવાડામાં વ્યાજના વિષચક્રમાં ફસાયેલા યુવાને ઝેરી દવા ગટગટાવી હોવાની ઘટના સામે આવી છે. લુણાવાડામાં રહેતા ભાતિયારા વસિમે દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. યુવક હાલ લુણાવાડાની જનરલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે. બે વ્યાજખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર, ભાતિયારા વસિમ નામના યુવકે વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી જીવન ટૂંકાવવા દવા પીધી હોવાની વિગત મળી છે. વ્યાજખોર હિતેશ જોષી અને કમલેશ તેલી વિરૂદ્ધ લુણાવાડા પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વ્યાજખોર હિતેશ જોષી અને કમલેશ તેલી વિરૂદ્ધ લુણાવાડા પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.












માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨